# આશીર્વાદ

વર્ષ ૧લું : અંક ૧૨મો
ઓકટોબર ૧૯૬૭

શ્રી ભાગવત વિદ્યાપીઠ અને
માનવમંદિરના સૌજન્યથી



सत्यम् शिवम् सुंदरम् ।

# આશીર્વાદ

સર્વે સુખિનઃ સન્તુ

વર્ષ : ૧ ] સંવત ૨૦૨૩ આશ્વિન : ઓકટોબર ૧૯૬૭ [ અંક : ૧૨

સંસ્થાપક
દેવેન્દ્રવિજય
'જય ભગવાન'

*

અધ્યક્ષ
કૃષ્ણશંકર શાસ્ત્રી

*

સંપાદનસમિતિ
એમ. જે. ગોરધનદાસ
કનૈયાલાલ દવે

*

માનદ્ વ્યવસ્થાપક
'શિવશક્તિ'

*

કાર્યાલય
ભાઉની પોળની બારી પાસે,
રાયપુર, અમદાવાદ-૧.
ફોન નં. ૫૩૪૭૫

*

વાર્ષિક લવાજમ
ભારતમાં રૂ. ૩-૦૦
વિદેશમાં શિલિંગ ૬-૦૦

## આપોઆપ જ પ્રકટે છે

**तस्मात् सर्वेषु कालेषु मामनुस्मर युद्धय च ।**
**मय्यर्पितमनामनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम् ॥**

સંસારમાં મનુષ્ય જે પરિસ્થિતિમાં મુકાયો હોય છે, જે સંજોગો તેને પ્રાપ્ત થયા હોય છે, તે જ પરિસ્થિતિ, તે જ સંજોગો તેને માટેનું સર્વોત્તમ યુદ્ધક્ષેત્ર છે. તે જ પરિસ્થિતિ અને તે જ સંજોગોમાં તેના કલ્યાણ માટેની ખાસ ભૂમિકા હોય છે. મનુષ્યનો વિકાસ તેનું કલ્યાણ જ્યાંથી અટકેલું છે અને જ્યાંથી હવે તેનો આરંભ થવાનો છે (જો મનુષ્ય યથાયોગ્ય રીતે વર્તે તો) તે જ પરિસ્થિતિ અને સંજોગો મનુષ્યને પ્રત્યેક ક્ષણે પ્રાપ્ત થતા રહેતા હોય છે. પરંતુ મનુષ્યના વિકાસનો–કલ્યાણનો આધાર તે એને પ્રાપ્ત થયેલ પરિસ્થિતિમાં–સંજોગોમાં કેટલી ઉત્તમ રીતે લડે છે તેના ઉપર છે.

માણસ એને પ્રાપ્ત થયેલ સંજોગોનો જો ગમે તે રીતે કેવલ સ્થૂલ લાભ ઉઠાવવામાં જ ઉપયોગ કરશે તો કદાચ એને સ્થૂલ લાભ પ્રાપ્ત થશે, જિંદગીનાં બાકીનાં વર્ષો સુધી એ લાભ ભોગવીને તે ઈંદ્રિયોને રાજી કરશે, વારસોને પણ આપી જશે. પરંતુ એટલાથી પોતાના અંતરમાં તે સંતોષ કે કૃતાર્થતાને અનુભવી નહીં શકે, અમૃતનો યોગ, અમૃતનો અનુભવ એને નહીં થઈ શકે.

માણસ જે ભૂમિકા ઉપર હોય ત્યાં એણે પોતે સ્થૂલ લાભ લેવાની દૃષ્ટિથી નહીં, પણ સૌને પોતાથી અભિન્ન ગણીને સૌને લાભ આપવાની દૃષ્ટિથી લડવાનું છે. સત્ય, દયા, નીતિ અને ત્યાગભાવનાથી પુરુષાર્થ કરવાનો છે. એમાં જ સાચાં જપ-તપ, જ્ઞાન અને ધ્યાન છે. અને એ પ્રકારના જીવનથી કલ્યાણ તેનામાં આપોઆપ જ પ્રકટે છે. •

ॐ

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | આપોઆપ જ પ્રકટે છે | ૐ | ૧ |
| ૨ | મંગલાયતનમ્ | ” | ૩ |
| ૩ | કરુણામયી મા | શ્રી 'મધ્યબિંદુ' | ૭ |
| ૪ | સુહાગણ સુંદરી (કાવ્ય) | ભક્તકવિ શ્રી દુલા 'કાગ' | ૯ |
| ૫ | રસ અને આનંદનો સાગર | શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી | ૧૦ |
| ૬ | ગરબે રમે છે જગદંબિકા (કાવ્ય) | શ્રી ભુવનેશ્વરી શાસ્ત્રી | ૧૧ |
| ૭ | પરીક્ષિત અને શુકદેવજી | શ્રી ડોંગરે મહારાજ | ૧૨ |
| ૮ | ચૂડી ને સુંદલો (ગરબો) | શ્રી કનૈયાલાલ દવે | ૧૪ |
| ૯ | નવી દૃષ્ટાન્તકથાઓ | શ્રી રમણલાલ સોની | ૧૫ |
| ૧૦ | શેઠ અને નોકર | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૮ |
| ૧૧ | એની ને આપણી જાત જુદી! | શ્રી હરિશ્ચંદ્ર | ૧૯ |
| ૧૨ | પુનિત પ્રસંગો | — | ૨૦ |
| ૧૩ | સમાચાર સમીક્ષા | 'સંજય' | ૨૧ |
| ૧૪ | પ્રશ્નોત્તર | શ્રી વિનોબા ભાવે | ૨૨ |


## ગ્રાહકો અને વાચક બન્ધુઓને—

* નવા વર્ષથી એટલે કે નવેમ્બર ૧૯૬૭થી 'આશીર્વાદ'નું વાર્ષિક લવાજમ રૂ ૫–૦૦ રહેશે.
* નવા વર્ષનો પ્રથમ અંક શ્રીમદ્ ભાગવતઅંક રહેશે, જેમાં ભાગવત સંબંધી ઉત્તમ વાચન આપવામાં આવશે.
* ગમે તે માસથી 'આશીર્વાદ'ના ગ્રાહક બની શકાય છે. જે માસથી ગ્રાહક થયા હોય તે માસથી લઈને બાર માસ સુધીના અંકો મળે છે.
* પ્રત્યેક માસે ૪૦ પાનાંનું વાચન આપવામાં આવશે.

માનદ્ વ્યવસ્થાપક

## પ્રતિનિધિ ભાઈઓને

આશીર્વાદ માસિકના ૧૨૫ ગ્રાહકો બનાવનાર પ્રતિનિધિ ભાઈઓને શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી રચિત ૭૦૦ પૃષ્ઠનું 'ભક્તિનિકુંજ' પુસ્તક ભેટ મળશે. અથવા શ્રી રામચંદ્ર ડોંગરે મહારાજનું 'ભાગવત રહસ્ય' (૭૧૨ પૃષ્ઠનું પુસ્તક) આ બંનેમાંથી ગમે તે એક પુસ્તક પોતાની ઈચ્છા મુજબનું તેઓ ભેટમાં મેળવી શકશે. આશીર્વાદના ૨૨૫ ગ્રાહકો બનાવનાર પ્રતિનિધિ ભાઈઓને ઉપરનાં બંને પુસ્તકો ભેટ મળશે.

અમદાવાદના પ્રતિનિધિ શ્રી હરિવદનભાઈ ભટ્ટે આશીર્વાદના પ્રથમ વર્ષમાં એક હજારથી પણ વધુ ગ્રાહકો બનાવ્યા છે. અને બીજા વર્ષમાં પણ તેઓ આટલા ગ્રાહકો બનાવવાની ઈચ્છા રાખે છે.

સૌકોઈ પ્રતિનિધિ ભાઈઓ આ રીતે પોતાની શક્તિ અને ઉત્સાહ અનુસાર ગ્રાહકો બનાવી 'આશીર્વાદ'ની પ્રગતિમાં સહકાર આપશે એવી વિનંતી છે.

★

# म ङ्ग ला य त न म्

## કેવા સ્વભાવવાળા માણસોની અધોગતિ થાય છે?

**શ્રી भगवानुवाच :** શ્રી ભગવાન કહે છે :

**दैवो विस्तरशः प्रोक्तः आसुरं पार्थ मे श्रृणु ॥**

દૈવી સ્વભાવવાળા અને આસુરી સ્વાભાવવાળા એમ બે પ્રકારના મનુષ્યો હોય છે. આમાં દૈવી સ્વભાવ કેવો હોય તે હે અર્જુન, મેં તને (૧ થી ૩ સુધીના શ્લોકોમાં) કહ્યો. (ગયા અંકના 'मङ्गलायतनम्'માં આપણે તે જોઈ ગયા.) હવે આસુરી સ્વભાવ કેવો હોય તે મારી પાસેથી તું સાંભળ :

**प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।**
**न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ॥**

કરવા યોગ્ય શું છે અને ન કરવા યોગ્ય શું છે, તે આસુરી સ્વભાવવાળા લોકો સમજી શકતા નથી. અને તેઓ જે સમજે છે, તે તેમના આસુરી સ્વભાવને લીધે ખોટું જ સમજતા હોય છે. કારણ કે એનાથી પરિણામે તેમને અકલ્યાણ જ પ્રાપ્ત થતું હોય છે. આવા લોકોનું મન પવિત્ર કે નિખાલસ હોતું નથી. તેમનો આચાર-આચરણ પણ પવિત્ર હોતું નથી. કદાચ આચરણ પવિત્ર દેખાય તો તે બીજાઓને દેખાડવા માટે કરવામાં આવતો દંભ જ હોય છે. આવા લોકોમાં સત્ય પણ હોતું નથી. મનમાં હોય તેનાથી વાણીમાં જુદું હોય છે અને વાણીમાં હોય તેનાથી વર્તનમાં જુદું હોય છે.

**असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।**
**अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ॥**

આવા લોકો કહે છે કે આ જગતમાં સત્ય જેવું કંઈ છે જ નહીં. શરીર, ઈંદ્રિયો, મન કે આખા જગતનો કોઈ આધાર છે જ નહીં. બધો વ્યવહાર, બધી ક્રિયાઓ એમ ને એમ જ ચાલ્યા કરે છે. જગતનું શાસન કરનાર, જગતનું નિયમન કરનાર કોઈ છે જ નહીં, સારાં કર્મોનું સારું અને ખોટાં કર્મોનું ખોટું ફળ મળે એવી વ્યવસ્થા રાખનાર પણ કોઈ છે જ નહીં. કોઈને કોઈની સાથે કંઈ સંબંધ છે જ નહીં; દયા, માયા, પ્રેમ, લાગણી ન્યાય-નીતિ જેવું કંઈ છે જ નહીં. સૌએ સાથે મળીને ઉન્નતિ કરવાની, સૌનો અભ્યુદય થાય એમ કરવાનું-આ બધી વાતો ખોટી છે. અહીં તો દરેકે પોતપોતાનો સ્વાર્થ સાધવાનો છે અને ફાવે તેમ કામભોગ-મોજશોખ ભોગવવા સિવાય જગતમાં બીજો કોઈ જ હેતુ સિદ્ધ કરવાનો નથી.

**एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।**
**प्रभवन्त्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥**

આવી દૃષ્ટિમાં મક્કમ બનીને તે અલ્પ બુદ્ધિવાળા લોકો કેવળ પોતાનો જ સ્વાર્થ અને પોતાના જ મોજશોખ સિદ્ધ કરવા માટે જનસમુદાયનું અહિત થાય તેવાં, જગતનો વિનાશ થાય તેવાં ઉગ્ર કર્મોમાં પ્રવૃત્ત થાય છે. કરણ કે સર્વમાં એકતા અથવા પોતાપણાની લાગણીનો અનુભવ કરનાર આત્મભાવ આવા લોકોમાંથી નષ્ટ થઈ ગયો હોય છે.

काममाश्रित्य दुष्पूरं दम्भ-मान-मदान्विताः ।
मोहाद् गृहीत्वाऽसद्ग्राहान् प्रवर्तन्तेऽशुचिव्रताः ॥

આવા લોકોની કામનાઓ કોઈ રીતે પૂરી થઇ શકે એવી હોતી નથી. ગમે તેટલા ધન કે સુખભોગોથી તેમને સંતોષ વળતો નથી. તેઓ દંભમાં પૂરા હોય છે, માન અથવા ખુશામત તેમને પ્રિય હોય છે અને મદ એટલે અભિમાન અથવા ગર્વથી તેઓ ભરેલા હોય છે. મોહથી તેઓ ખોટા આગ્રહો પકડીને અનેક લોકોનું અહિત થાય તેવા પાપાચારમાં પ્રવૃત્ત થાય છે.

चिन्तामपरिमेयां च प्रलयान्तामुपाश्रिताः ।
कामोपभोगपरमा एतावदितिनिश्चिताः ॥
आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसञ्चयान् ॥

આવા લોકો અપાર ચિન્તાને ધારણ કરતા હોય છે. પોતાની જ જિંદગીના અંત સુધીની નહીં, પણ સાત પેઢી સુધીની અથવા તેથી પણ આગળની ચિંતાઓ તેઓ કરતા હોય છે. અથવા જગતના અંત સુધીને માટેની પોતાના વંશ-વારસોની ચિંતાઓ, પોતાના અને તેમના માટેના કામભોગની ચિંતાઓ અને તે માટેની ગોઠવણો તેઓ કર્યા જ કરતા હોય છે કારણ કે તેઓનો એવો નિશ્ચય હોય છે કે કામ-ભોગ, મોજશોખ, ધન-ઐશ્વર્ય-આ જ જગતમાં સૌથી શ્રેષ્ઠ વસ્તુ છે. અને તેને વધુ ને વધુ મેળવવા માટે સેંકડો આશાનાં બંધનોમાં તેઓ બંધાતા જતા હોય છે. એક આશામાંથી અનેક આશાઓ વધતી જતી હોય છે. અને આશાઓ તથા કામનાઓ સાથે તેમનામાં ક્રોધ અને તમોગુણ પરાકાષ્ઠાએ પહોંચ્યા હોય છે. પોતાનાં તેમ જ પોતાના પરિવારના કામભોગો માટે તેઓ અન્યાયથી ધનના ઢગલાઓ ભેગા કરી લેવાનો પ્રયત્ન કરે છે.

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥
असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान् सुखी ॥
आढ्योऽभिजनवानस्मि कोन्योऽस्ति सदृशो मया ।
यक्ष्ये दास्यामि मोदिष्ये इत्यज्ञानविमोहिताः ॥

તેઓ એમ વિચારતા હોય છે કે આજે મેં આ મેળવ્યું અને હવે આ મનોરથને હું સિદ્ધ કરીશ. આટલું ધન તો મારી પાસે છે અને ફરી આટલું મેળવીશ. આ શત્રુને મેં માર્યો અને બીજાઓને પણ હું મારીશ. હું કેટલો મોટો ઐશ્વર્યશાળી છું! કેટલો મોટો સત્તાધીશ છું! હું ભોગો ભોગવનાર છું, હું નિષ્ણાત અને નિપુણ છું, પ્રતિષ્ઠાવાળો છું, બળવાન છું, સુખી છું, હું ધનાઢ્ય છું, મોટા કુટુંબ-કબીલાવાળો, ઊંચી નાતજાતવાળો -કુળવાન છું. મારા સમાન બીજો કોણ છે? હું યજ્ઞો કરીને અને દાનો આપીને મારી કીર્તિને ફેલાવીશ, બીજાઓ કરતાં શ્રેષ્ઠ ગણાઈશ, અને અનેક પ્રકારની મોજમજા અને આનંદને માણીશ.

अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥

હે અર્જુન, આ રીતે અજ્ઞાનથી મોહિત થયેલા અને અનેક પ્રકારે ભ્રમિત ચિત્તવાળા એ લોકો મોહજાળથી ઘેરાયેલા હોય છે. કામ–ભોગોમાં અત્યંત આસક્તિવાળા આ લોકો અપવિત્ર નરકમાં અર્થાત્ અંધકાર ભરેલી ઘોર સ્થિતિવાળા જીવનમાં પતન પામે છે.

आत्मसंभाविताः स्तब्धा धनमानमदान्विताः ।
यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ॥

વળી પોતાના મનમાં પોતાને શ્રેષ્ઠ માનનારા આ ઘમંડી લોકો ધન અને માનના ગર્વથી ફુલાઈને મને પૂજવાનો–યજ્ઞ કરવાનો ડોળ કરે છે. તેમના યજ્ઞો, તેમનાં સત્કર્મો, તેમનાં દાન અને પરોપકાર માત્ર નામનાં જ હોય છે. કારણ કે તેમાં મુખ્ય તો દંભ જ હોય છે અને તેમાં પણ માન, મોટાઈ અને કીર્તિની કામના જ હોય છે.

अहंकारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ।
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ॥

અહંકાર, બળ, ગર્વ, કામ, તથા ક્રોધનો આશ્રય કરીને બીજા લોકોનો દ્વેષ કરનારા તેઓ ખરી રીતે તો પોતાના તથા બીજાંઓના દેહોમાં એકરૂપે રહેલા મારો જ દ્વેષ કરતા હોય છે.

तानहं द्विषतः क्रूरान् संसारेषु नराधमान् ।
क्षिपाम्यजस्रमशुभान् आसुरीष्वेव योनिषु ॥

તેવા બીજાનો દ્વેષ કરનારા, અન્યનું અહિત કરનારા ક્રૂર નરાધમોને આ સંસારમાં હું વારંવાર અમંગળ આસુરી યોનિઓમાં (વાઘ, વરૂ, શિયાળ, સર્પ, સમડી, ગીધ વગેરે જેવી હીન) યોનિઓમાં નાખું છું. ત્યાં તેઓ અનેક જીવોને મારે છે અને અનેક વાર બીજાઓથી પોતે મરાય છે.

आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम् ॥

હે અર્જુન, પોતાના આસુરી સ્વભાવને લીધે એવી આસુરી યોનિને પ્રાપ્ત થયેલા તે લોકો સર્વના આત્મારૂપ એવા; સત્ય, દયા અને પ્રેમના પૂર્ણ સાગરરૂપ એવા; અખંડ આનંદ અને અવિનાશી અમૃતના ધામરૂપ એવા મારા સ્વરૂપથી ઘણા દૂર ચાલ્યા ગયા હોય છે. એથી તેઓ ચિરકાળ સુધી મને પામી શકતા નથી. અને જન્મોજન્મ એથી પણ વધારે અધમ ગતિને, ઉત્તરોત્તર અધોગતિને પામે છે.

ભગવાને આ શ્લોકોમાં બતાવ્યો તેવો સ્વભાવ પોતામાં કેટલા પ્રમાણમાં છે તે સૌએ તપાસી જોવું જોઈએ.

[શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૧૬, શ્લોક ૬ થી ૨૦]

# ગ્રાહકો, વાચકો તેમ જ ભગવત્પ્રેમીઓને

વાચકોના કરકમલમાં 'આશીર્વાદ'ના પ્રથમ વર્ષનો આ બારમો–છેલ્લો અંક સમર્પિત થાય છે.

બાર અંકો દ્વારા 'આશીર્વાદે' ભગવાનના ચિંતન, મનન, ગુણકીર્તન અને માનવ-જીવનના સંસ્કારની યથાશક્ય સામગ્રી સહૃદય ગ્રાહકોને નિવેદિત કરી છે.

આવી કાતિલ મોંઘવારીના સમયમાં ફક્ત ત્રણ જ રૂપિયાના લવાજમમાં નવેનવા શરૂ થયેલા આ માસિકે તેની શક્તિ મુજબ પ્રયાસ કર્યો છે. અને આમાં સહૃદય પ્રેમી ગ્રાહકોનો તથા સેવાભાવી પ્રતિનિધિ ભાઈઓનો જે સહકાર સાંપડયો છે તે બદલ આશીર્વાદ તે સૌકોઈનો આભાર માને છે.

ઓછા લવાજમથી માસિક પ્રસિદ્ધ કરવાનું ધ્યેય રખાયું હતું, પરંતુ હાલના કાળ-બળે આર્થિક પાસાનો સુમેળ રાખવા માટે લવાજમ વધારવા ફરજ પાડી છે.

એથી નવા વર્ષથી આશીર્વાદ માસિકનું લવાજમ રૂા. ૫–૦૦ પાંચ રૂપિયા રહેશે.

નવા વર્ષનો પહેલો અંક શ્રીમદ્ભાગવત–અંક લગભગ ૧૦૦ જેટલાં પૃષ્ઠોનો આપવાનો અને તે પછીના દરેક અંક ૪૦ પૃષ્ઠના આપવાનો મનોરથ છે. જેથી અંકોમાં ઠીક ઠીક વૈવિધ્યવાળી ઉચ્ચ સામગ્રીનો સમાવેશ થઈ શકશે.

## શ્રીમદ્ભાગવત–અંક

આશીર્વાદના બીજા વર્ષનો આ પ્રારંભિક અંક (પ્રમથ અંક) ડિસેમ્બર માસની ૧૨મી તારીખે પ્રસિદ્ધ કરાશે. આમાં પોતાની ચિંતનપ્રસાદી આપવા માટે ઘણા સંતો, મહાપુરુષો, વિદ્વાનો અને લેખકોને આમંત્રણો મોકલાવ્યાં છે. અને શ્રીમદ્ભાગવતના દિવ્ય ગ્રંથ ઉપરની ઉત્તમ સામગ્રી આપવા પ્રયાસ કરી રહ્યા છીએ.

ગોસ્વામી શ્રી વ્રજરાયજી મહારાજ, ચિત્રકૂટના શ્રી રણછોડદાસજી મહારાજ, શ્રી રંગ અવધૂતજી મહારાજ, સ્વામિનારાયણના શ્રી યોગીજી મહારાજ, શ્રી ડોંગરે મહારાજ, શ્રી મુક્તાનંદજી (ગણેશપુરી) મહારાજ, શ્રી અનિરુદ્ધાચાર્યજી મહારજ, શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી, શ્રી આઠવલે શાસ્ત્રીજી તેમ જ અન્ય સુપ્રસિદ્ધ વિદ્વાનો અને લેખકોને સામગ્રી મોકલવા માટે આમંત્રિત કર્યા છે.

એ રીતે બને તેટલી ઉચ્ચ સામગ્રીનો પ્રથમ અંક શ્રીમદ્ભાગવત–અંક ગ્રાહકોને મોકલવામાં આવશે. ઉચ્ચ પ્રકારના એક જ લેખથી સમગ્ર જીવનને જે પ્રકાશ મળી શકે છે તેની આગળ આશીર્વાદનું આખા વર્ષનું રૂા. ૫–૦૦ લવાજમ પણ કંઈ તુલનામાં ગણાય નહીં.

સહૃદય ગ્રાહકો અને પ્રતિનિધિઓ નવા જ શરૂ થયેલા અને બીજા વર્ષમાં પ્રવેશ કરી રહેલા આ માસિકને ભગવાનના આશીર્વાદનું સ્વરૂપ ગણી અને પોતાનું જ પ્રિય માસિક માનીને અપનાશે તેમ જ નવા વર્ષે તેના ગ્રાહક બનીને અને બનાવીને હૃદયપૂર્વક સહયોગ આપશે એવી વિનંતિ છે.

# કરુણામયી મા

શ્રી 'મધ્યબિન્દુ'

પ્રતિકૂળ સંજોગો અને માઠાં ફળદ્વારા અંતર્યામી જીવને એ સમજાવે છે કે ખોટાં કર્મો શા માટે ન કરવાં જોઈએ. પ્રતિકૂળ સંજોગો અને માઠાં ફળ જીવની આગળ ઉપસ્થિત થવામાં જો કોઈ પણ હેતુ હોય તો એ જ છે કે એ દ્વારા અન્તર્યામી જીવને એ સમજાવવા માગે છે કે જેનાથી તને દુઃખ અને પ્રતિકૂળતા ઉત્પન્ન થાય છે એવાં કામ તું બીજાને માટે કર નહીં. કારણ કે બીજો પણ એથી એટલાં જ દુઃખ અને પ્રતિકૂળતાનો અનુભવ કરે છે. અને એ બીજામાં પણ તું તને જોતાં શીખ. અને એની સાથે આત્મભાવે પ્રેમમય વર્તન કર.

આ રીતે જીવમાં જ્ઞાનચક્ષુ ખોલવા માટે જ એ અંતર્યામી એને સારાં અને ખોટાં કર્મોમાં પ્રેરતો અને સારાં અને ખોટાં પરિણામો—ફળો તેની આગળ લાવી મૂકતો એને સારાં કર્મો શા માટે કરવાં જોઈએ અને ખોટાં કર્મો શા માટે ન કરવાં જોઈએ એનું ભાન કરાવે છે. અને એ ભાન થવામાં જ જીવમાં સત્ય અને અસત્યને—ધર્મ અને અધર્મને જોવાની—પારખવાની આંખો ખૂલે છે.

આમ કર્મનું સારું—ખોટું ફળ મળવામાં પણ જીવના હિતની, જીવના વિકાસની જ ઈશ્વરી યોજના સમાયેલી છે. અને કર્મનું ફળ કદાપિ મળ્યા વિના રહેતું નથી. કર્મના ફળથી કોઈ છૂટી શકતો નથી.

સત્કર્મનાં સુખમય ફળ ભોગવવામાં હું સુખનો કીડો બની જાઉં છું, સુખમાં આસક્ત બની જાઉં છું. અને એ અન્તર્યામીના સ્વરૂપને ઓળખવા માટે આંખો ખોલવાને બદલે વિષયોની આસક્તિમાં હું મારાં આન્તરિક લોચનો બંધ કરી દઉં છું. અને આન્તરિક લોચનો બંધ થતાં, વિવેકશક્તિનો લોપ થતાં પાછો હું દુષ્કર્મોમાં પ્રેરાઉં છું. અને સુખ—સગવડ અને સંપત્તિના વખતે જો મેં અન્તર્યામીને ઓળખવા માટે આંખો ખોલવાને બદલે બંધ કરી દીધી તો પછી એ અન્તર્યામી પાસે મને દુષ્કર્મોમાં પ્રેરીને દુઃખદ્વારા મારી આંખો ઉઘાડવા સિવાય બીજો રસ્તો પણ શો છે?

જ્યારે બાળક કોઈ રીતે માનતું નથી અને અવળાઈ કરવા લાગે છે ત્યારે એને શિક્ષા કરવા સિવાય મા—બાપ પાસે બીજો શો માર્ગ રહે છે? બાળક જો મા—બાપનું કહ્યું માને ને સવળી રીતે ચાલે—સારી રીતે વર્તે છે તો આગળ જતાં એના જીવનનો સારો વિકાસ થાય છે, તે સારું ભણી શકે છે અને સારો સમજદાર બની શકે છે. પરન્તુ કુછંદે ચઢે છે તો જીવનને બરબાદ કરે છે અને દુઃખી થાય છે. એ બરબાદી અને દુઃખ એ દુષ્કર્મોનું જ ફળ છે.

અને સંતાનો ઉપર માતા—પિતા સમાન દયાળુ એ પરમેશ્વરને પણ પોતાનાં ખરાબ સંતાનો ઉપર—દુષ્કર્મો કરનાર જીવો ઉપર શિક્ષા કરનારનું, દંડ દેનારનું સ્વરૂપ પણ ધારણ કરવું પડે છે. અને પછી સજ્જનોના અંતરમાં કરુણામૂર્તિરૂપે, આનંદ—કંદરૂપે ઝાંખી કરાવી રહેલો—પ્રકાશી રહેલો એ પ્રભુ દુષ્કર્મીઓના અંતરમાં યમરાજરૂપે પ્રકટ થાય છે. કર્મના ફળથી કોઈ જ છૂટી શકતું નથી, કર્મના બંધ ભોગવ્યા વિના કોઈનો છૂટકો થતો નથી એમ બતાવતો એના હાથમાં કર્મબંધનનો પાશ છે. એ પાશ વડે એ જીવને બાંધી દે છે.

જીવ કેમે કરી એનાં પાપોથી છૂટી શકતો નથી તો શું એને છૂટવા માટે કોઈ માર્ગ જ નથી? મૂઢતાવશ પ્રાણી અસંખ્ય પાપો, દુષ્કર્મો કરતો રહે છે. તેમાંથી એ ક્યારે છૂટી શકે? એ અસંખ્ય પાપોથી અને એનાં ફળ ભોગવવામાંથી તો જીવ યુગને અંતે પણ છૂટી શકે નહીં. ઈશ્વરી નિયમની આ એક ભયંકરતા છે. શું આ ભયંકરતાના અપાર સમુદ્રમાં ક્યાંય કોઈ કરુણાનું ઝરણું નહીં હોય? અને ન હોય તો ઈશ્વરને કરુણાળુ પણ કેવી રીતે કહી શકાય. અને જો ઈશ્વર એવો હોય તો તે પણ એક ઘોર પાપી જ બની રહે છે કે જેણે જીવોને યાતનામાંથી ઊગરવાનો કોઈ માર્ગ જ રાખ્યો નથી.

પણ ના, એ ઈશ્વર ભયંકરતાના સમુદ્ર જેવો છે છતાં તેમાં કરુણાનો સમુદ્ર પણ ભરેલો છે. જીવ જ્યારે પોતાનાં પાપોથી જાગે છે, એને જ્યારે પોતાનું પાપીપણું સમજાય છે અને જ્યારે એ યાતનાઓ—વેદનાઓમાંથી છૂટવાની ઇચ્છા કરતો નથી પણ પાપીપણામાંથી છૂટવાની ઇચ્છા કરે છે, જ્યારે એ પોતાના પાપીપણાનો પશ્ચાત્તાપ કરવા લાગે છે

ત્યારે એના અંતરમાં ઊભેલો દંડ–પાશધારી યમરાજ અદૃશ્ય થઈ જાય છે અને એ જ યમરાજમાંથી અંતરમાં કરુણાનો સ્રોત વહાવતી 'કરુણામયી મા' પ્રકટ થાય છે. આ સંસારમાં પાપોનો પસ્તાવો કરી રહેલા અને વેદનાઓના, યાતનાઓના તાપોથી દાઝી રહેલા પોતાના પુત્રને બચાવવા માટે જો કોઈ સૌથી પહેલું દોડી આવનાર હોય તો એ 'મા' છે. અને એ કરુણાપૂર્ણ સ્વરૂપ ધારણ કરી અભયદાન દેતી પ્રકટ થાય છે. એની આંખોમાંથી પ્રેમમયી કૃપાદૃષ્ટિ વહી રહી છે, એના મુખ પર હેતના ઉછાળા સ્ફુરી રહ્યા છે. એના હાથમાંથી આશિષનાં અમૃત વરસી રહ્યાં છે, એની છાતીમાં વાત્સલ્યનો ભાવ ઊભરાઈ રહ્યો છે. અને એના પ્રકટ થતાં જ યાતનાઓનાં અને ભયંકરતાઓનાં બધાં દૃશ્યો અદૃશ્ય થઈ જાય છે. એની હજારો ભુજાઓમાં શસ્ત્રાસ્ત્રો ચમકી રહ્યાં છે. એને જોતાં જ જીવને દુષ્કર્મોમાં ફસાવનારા બધા જ અસુરો–આસુરી ભાવો હણાઈ જાય છે.

એ મા અનન્ત શક્તિનો પુંજ છે. એની વિવિધ શક્તિનાં કિરણોથી જ કુબેર, વરુણ, યમ, અગ્નિ, પ્રજાપતિ, વસુ, મરુત વગેરે દેવતાઓ પ્રકટ થઈને પોતપોતાનાં કર્મો કરવાને શક્તિમાન થાય છે. એ સર્વ પ્રકારની એની શક્તિનો પ્રકાશ એ મા મારા ઉપર નાખે છે. અને મારાં સર્વ પ્રકારનાં અમંગલોનો નાશ કરીને મને સર્વ રીતે સુખી અને સમૃદ્ધ કરી જગતના હિતનાં કામો કરનારો બનાવે છે.

એ મા કાયમ મારું રક્ષણ–પાલન કરનારાં છે. મેં મારી શ્રદ્ધા અને મારો જીવનભરોસો એમનામાં મૂકીને એમનું શરણ, એમનો આશ્રય લીધો છે. પણ જ્યારે હું દુઃખમુક્ત બની જતાં અને એની કૃપાથી જરા સરખી સંપત્તિ પ્રાપ્ત કરતાં એનો આશ્રય છોડી દઈને ગર્વ કરવા લાગું છું, પ્રાણીઓ પર દયા, લાગણી અને હિતભાવ છોડીને કેવળ મારો જ સ્વાર્થ સાધવા લાગું છું અને આમ દુષ્ટ બની દુરાચારમાં પ્રવૃત્ત થાઉં છું, ત્યારે મારા અંતરમાં એ કરુણામયી માનું સ્વરૂપ અદૃશ્ય થઈ જાય છે. કારણ કે હું એ અન્તર્યામિની મા સાથે દગાથી, છેતરપિંડીથી વર્ત્યો છું. અને પછી થોડો કાળ જતાં મને દેખાય છે કે મારા અન્તરમાં એ કરુણામયીની જગાએ ઘોર, વિકટ, વિકરાળ સ્વરૂપ ધરેલાં મહાકાળી પ્રકટ થાય છે. મારા જેવા પાપી, દુરાચારી, કૃતઘ્ની નરોનાં મુંડની માળા એમણે ગળામાં ધારણ કરેલી છે. મારા સામું જોઈને તેઓ ત્રિલોકીને કંપાવનારા વિકટ હાસ્યથી હસી રહ્યાં છે. કારણ કે એ વખતે હું તેમના પુત્રને યોગ્ય રહ્યો નથી હોતો, પણ તેમનો દ્રોહ કરનારો અસુર બની ગયેલો હોઉં છું. અને મારા જેવા આસુરી લોકોના રુધિરનું પાન કરવા માટે એ મહાકાળી ખડ્ગ–ખપ્પર ધારણ કરીને ત્રિલોકીમાં વિચારી રહી છે. પછી મારી પાસે કશો ઉપાય રહ્યો હોતો નથી. એક વાર માનો દ્રોહ કરનાર, માનો વિશ્વાસઘાત કરનાર કદી તરી શકતો, બચી શકતો નથી. પછી તો એને એ મહાકાલીના ખડ્ગથી છેદાઈને જ પવિત્ર થવાનું રહે છે.

માના ભક્ત થવું સહેલું છે અને માની કૃપા મેળવવી એ એથી પણ સહેલું છે, પણ માના ભક્તો વિચારી લે કે એવી કૃપાળુ માનો આશ્રય લઈને પોતાનો સ્વાર્થ સાધી લીધા પછી જેઓ જીવનમાં એ માને અણગમતાં કાર્યો કરીને અન્ય જીવો સાથે દગો રમે છે, એમને પીડે છે, તેમને માટે એ માના કોપાનલમાંથી બચવું એટલું જ વિકટ છે. આપણે સંપૂર્ણ આન્તરિક શુદ્ધિ અને નિષ્કપટતાપૂર્વક જ એ કરુણામયીનો આશ્રય ગ્રહણ કરીને જગતમાં જીવન સાર્થક કરીએ.

*

વિપત્તિ સામે બાથ ભીડી રહેલા પ્રમાણિક માણસનું દર્શન દેવને પણ દુર્લભ છે.

# સુહાગણ સુંદરી

દીવડા પ્રગટિયા ને ટાળ્યાં તિમિરિયાં
સૂનાં મંદિરિયાં શણગાર્યાં રે........સુહાગણ સુંદરી

વાસીદાંની રજ કાળી જ્યાં જ્યાં ભાળી
આંગણાં વાળીને દીધાં ઉજાળી રે........સુહાગણ સુંદરી

ચોડયા ચંદરવા ને ઘર અજવાળ્યું
લાખ આભલાંમાં મોઢું એક ભાળ્યું રે........સુહાગણ સુંદરી

હુંપદ રાંધીને રૂડી પીરસેલી થાળી
જમવા પધાર્યા છે વનમાળી રે...... સુહાગણ સુંદરી

પોઢી ન પલંગડે ને પિયુડે ન ભાળી
ઘરમાં બેઠી પણ નહીં ઘરવાળી રે........સુહાગણ સુંદરી

'કાગ' લખમીજી એની રજનાં ઉપાસી
મુક્તિ દીસે છે એની દાસી રે........સુહાગણ સુંદરી

—ભક્તકવિ પદ્મશ્રી દુલા 'કાગ'

**સમજૂતી:** ઘણા પુણ્યને બળે મનુષ્યને પ્રભુકૃપા પ્રાપ્ત થાય છે. ઈશ્વરી વિધાન પ્રમાણે પ્રભુકૃપાનું કુદરતી ફળ મળે છે—સુહાગણ સુંદરી. એ સ્ત્રી જ્યારે ઘરમાં આવે છે ત્યારે ઉજજડ જેવા ઘરને ફરી સુધારે છે. આ એક રૂપક છે. આમાં શરીર ઘર છે. ભક્તિ અથવા પ્રેમ સ્ત્રી છે. ભક્ત અથવા પ્રેમી પુરુષ ભરથાર છે. શરીરરૂપી ઘોર અંધકારથી ભરેલા ઘરમાં પ્રથમ જ્યારે એ સ્ત્રી પગ મૂકે છે ત્યારે એમાં પ્રથમ દીવો કરી એ સૂના ઘરને પ્રકાશવંતું બનાવે છે. ઘણા વખતનું વાસીદું (કામનાઓ, વિકારો અને ધૂળ–જાળાં વગેરે) જ્યાં હોય ત્યાંથી તેને વાળીને મંદિરને સ્વચ્છ બનાવે છે. એ ઘરને શણગારવા માટે બંધુભાવરૂપી મોટો ચંદરવો અને ચાકળાં માંડે છે. એની અંદર રહેલાં હજારો કાચનાં આભલાંમાં જ્યાં જુઓ ત્યાં દરેક આભલામાં એક જ મુખ (આત્મભાવ) જોવામાં આવે છે. પછી એ ભક્તિ(પ્રેમ)રૂપી સુહાગણ અહંકારને ચૂલે ચડાવી દાસત્વભાવની સુંદર રસોઈ બનાવે છે. એ ભોજન જમવા ભગવાન પધારે છે એવી સ્ત્રી કદી પલંગ બિછાવી પતિ સાથે પોઢતી નથી. ઘરની ધણિયાણી બનવા છતાં એણે મનમાં કદી માન કે ગુમાન ધર્યું નથી; નમ્રતા, સેવા, ભક્તિ અને સહૃદયતાની એ મૂર્તિ છે. મહામાયા લક્ષ્મી એ સ્ત્રીના ચરણારવિંદની ઉપાસના કરે છે અને મુક્તિ એની દાસી બને છે.

# રસ અને આનંદનો સાગર

શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી

વેદનો પ્રતિપાદ્ય વિષય બ્રહ્મ, આનંદ, રસ વગેરે છે, પણ એ નિરાકારને પામવો, સમજવો સર્વને મુશ્કેલ લાગ્યો; ત્યારે તે જ નિરાકાર બ્રહ્મરસનું રસાકાર એવું નરાકાર સ્વરૂપ શ્રીકૃષ્ણ બન્યા અને શ્રીમદ્ ભાગવતમાં તેમને વર્ણવ્યા. કેવલ વિશ્વને પ્રેમ, કર્તવ્ય અને આનંદ આપવા માટે જ એ નિરાકારે આકાર લીધો ત્યારે તેના અંગ ઉપર વેદ વિવિધ નામ-રૂપે છવાયો. ઉપનિષદ્, સાંખ્ય, યોગ, મીમાંસા વગેરે વેદના જ વિધવિધ અલંકારો બની ગયા અને એના શ્રીઅંગે વસી ગયા.

નિરાકાર આનંદનો આકાર શ્રીકૃષ્ણ થયા ત્યારે એ કમલનયન શ્રીકૃષ્ણનો કિરીટ ઉપનિષદ્‌માંથી બની ઉત્તમાંગે બિરાજ્યો. કૃષ્ણની વદનસુધારસમાધુરીની પિપાસાએ સાંખ્ય–યોગ કુંડલ બન્યા, ને તત્ત્વનિષ્ઠ, કર્મનિષ્ઠ, ભક્તિનિષ્ઠ તત્ત્વો કમનીય અલકાવલીમાં આવીને વસ્યાં. પણ સૌન્દર્યનિધિનું સૌન્દર્ય હૃદયંગમ તો ત્યારે બન્યું કે જ્યારે શ્રીમદ્ભાગવત તે મુકુટનો શિખામણિ બન્યું ને જાજ્વલ્યમાન જ્યોત્સ્ના હૃદયાંગણે સમરાંગણ સર્જ્યા વિના, વિના પ્રયાસે, સસ્નેહે મોહતિમિરવિદારણશીલ બની. સર્વત્ર સર્વવિધ સુયોગ ક્યાંથી સુલભ? કલાને ચક્ષુ હોત, સંગીતને શ્રુતિ હોત, કવિતાને રસના હોત તો એ આનંદ અવર્ણ્ય ન હોત. પણ વિધિની સનાતન આદત પલટો લે? વિધિનાં વિધાન મનઃસમાધાનથી જ સંતોષ દે છે.

શી ક્ષતિ વિધિને આવતે–સુવર્ણમાં સુગંધ સ્થાપતાં, સરસ્વતી-સંપત્તિનો સંયોગ સાધતાં, સત્તાને સાન આપતાં, વિદ્યાને વિવેક આપતાં, શક્તિ–બલને સૌજન્ય દેતાં, પણ તે લાવે ક્યાંથી? તેણે ગુલાબને કાંટા બનાવ્યા, શીતલ ચંદનને સર્પે આવરી લીધું, બુદ્ધિમાનને અધન બનાવ્યો. સંભવ છે કે તે તેના જ સ્વરૂપસંરક્ષણ માટે હશે. આમ માની વિધિની નિર્દોષતા પુરવાર થાય. પરંતુ વિધિથી માનવ સુધીની સમસ્ત કૃતિઓ ઊણપભરી રહેવાની જ. પણ વિધિનું નિર્માણ કરનાર જો ક્રિયાશીલ બને, ને કલામય તત્ત્વોનું સર્જન સમાજને અર્પે તો તે સર્વાંશમાં સર્વ દિશામાં પૂર્ણ નીવડે.

સમાધિભાષા શ્રીમદ્ભાગવત તે કલાનિધિનું દ્વિતીય સ્વરૂપ. જો જીવન્ત જીવન જિવાડી શકનાર, હૃદયને દિલાસો દેનાર હૃદયસ્પર્શી સાધન હોય તો તે શ્રીમદ્ ભાગવત. સાન્ત્વનસુધા સ્વર્ગમાં નથી. આશ્વાસન અને આશ્વાસક ઈશ્વરનાં પ્રતીક છે. સામગ્રીના સમુદાયમાં વસતા માનવને પણ અસંતોષ રહેવાનો જ. કારણ તેને વિધિના ખેલના પાત્ર બનીને નર્તનશીલ થવાનું છે "સમ્પ્રાપ્તમાં અસંતોષ, ને અભિલષિતની અપ્રાપ્તિ એ જગતનો જૂનો ધારો છે." "સુયુક્તનું વિયોજન અને અયોગ્યનું સંયોજન એ તો સ્રષ્ટાની માનીતી રમત છે. વિધાતાને વિસરે ને સદાય તેને સ્મરે એવા આશયનું તે પરિણામ પણ હોય. પણ માનવનો ખોરાક આશ્વાસન છે. આશ્વાસન આત્માનંદ સુધી લઈ જઈ શકે છે. વિવેકશીલ અને વિચક્ષણને માટે તે સહજ છે. કરુણાનિધિ રામ અને કલાનિધિ શ્યામ શ્રીકૃષ્ણ સમાજને આશ્વાસનનો, સંતોષનો, શાંતિનો ખજાનો દેવા ભૂતલે અવતર્યા. સ્વરૂપસાક્ષાત્કારથી અવતારઅવસ્થામાં ને ચરિતસુધાથી અનવતારમાં સર્વને અમીરસ દીધા–અમરતા અર્પી. મનને મનમાન્યું ન મળતાં ન મારવું; પણ તેને વિવેકથી વારવું તે અમરત્વ છે. ભગવત્સ્વરૂપનો સ્વરૂપસંયોગ થાય તો ઓછો આનંદ નહિ, પણ તે સર્વકાલ સુલભ શી રીતે? યોગ્યતા, પ્રારબ્ધ આ બધાં બાધક તત્ત્વો સ્વરૂપસંયોગ ન થવા દેને? ત્યારે ચરિત્રસુધા એ તો સુલભ ખરી ને? આનંદને મેળવનાર જો એક વિવેકને જાગૃત કરે ને સ્વાધીન સાધનોથી તેને મેળવવા પ્રયત્ન કરે તો નાસીપાસ ન નીવડે. અચેતન પદાર્થો સ્થૂલસંયોગ–સાપેક્ષ છે. પણ માનસ સંયોગો તો નિરપેક્ષ છે. શ્રીરામ, શ્રીકૃષ્ણ, ચક્ષુર્ગમ્ય ન બને પણ મનોગમ્ય બની જાય તો નિત્ય સહવાસ ન ગણાય? નિત્ય સંયોગ ગુણચિંતનમાંથી જ થાય છે. રામાયણ એ છે પ્રેમરસાયન, ને સમાધિભાષા શ્રીમદ્ભાગવત એ છે પ્રેમપ્રતિમા. એ બન્ને શોકસાગરમાં ડૂબતાને અશોકપુષ્પવાટિકામાં લાવીને મૂકે છે, જીવનને સુવાસિત બનાવે છે ને આનંદિત કરે છે. વ્યવહાર-વ્યવસાયને વિસારે ન પાડતાં પરમાત્મા પ્રાપ્ત કરવાની

કામના ક્યાંથી પૂરાય એ સમસ્યા ઊભી થતાં ઉકેલ તે ગ્રન્થોમાંથી મળ્યો. માનવતાની મોંઘી મૂડી પ્રેમ-રસાયનમાંથી મળશે ને સમાધિભાષામાંથી મળશે. સાધનોની શ્રેણી અખૂટ અને અખંડ છે, પરંતુ દેશ અને કાળ, શરીર અને સંયોગો તેને પ્રતિકૂલ છે. ધ્યેયને સિદ્ધ કરવું છે. આયાસ અલ્પ અને ફલ અનલ્પ–આનંદ સુખ એ છે લક્ષ્યબિંદુ બુધ અને અબુધ બન્નેનું મનોનિગ્રહ વિના તે જરાય શક્ય નથી. દુરિત–દોષોથી ભરપૂર મન સદાય ચંચલ હોઈ અમલતા સિદ્ધ ક્યાંથી થવાની? ચિત્તમાં જાગેલી વિવિધ વિષયોની રુચિ ક્યાંથી પોષાવાની ને પૂરાવાની? રુચિવૈચિત્ર્ય એ સંસારની રોચકતાનું ને શોકાતુરતાનું મૂલ. જો **સર્વને સર્વ રુચે, સર્વને એકજ રુચે તો સંસાર સંસરણશીલ ન બને ને સ્રષ્ટાનું સર્જન વ્યર્થ બને.** પરંતુ જો એકમાં **સર્વ વસે તો સર્વને એક રુચે.** દૃષ્ટિ જેને શોધે તે તેને જ્યાંથી જડે ત્યાં તેની મનોવૃત્તિ રમે. રમ્યતા મનોવૃત્તિના તરંગોમાં છે. મનોવૃત્તિમાં રમણીયતા આત્મામાંથી છે આત્મા–શ્રીકૃષ્ણ–શ્રીમદ્ ભાગવત એ બધું એકજ તત્ત્વ છે. આત્મામાં સર્વસ્વ છે તેથી જ તે સર્વનો પ્રિય છે. મેળવવાની વિધિ વિચારવી પડે છે. મનુષ્યની સાથે સંપર્ક ધરાવતાં સુખદ સાધનોમાં ભાગવત અજોડ છે કાલને, દેશને, શરીરને, સંયોગોને. સ્વભાવને તે સાનુકૂલ છે.

**स एष सर्वरसः** શ્રુતિવચન પ્રમાણે શ્રીકૃષ્ણ સર્વરસ છે. શ્રીમદ ભાગવત આનંદાત્મક શ્રીકૃષ્ણની લીલા હોવાથી, શ્રીકૃષ્ણનું નામસ્વરૂપ હોવાથી તે પણ સર્વરસાધાયક સર્વરસસંગ્રહ છે. માનવજીવનની મહત્તા રસિકતાથી જીવવામાં છે. તેની પૂર્તિ ભાગવતમાંથી અતિ સુલભ છે.

卐

## ગરબે રમે છે જગદંબિકા.....

બ્રહ્માણ્ડભાણ્ડ કેરી માંડવી, ભુવનોનાં બેડલાં મંડાય જો<br>
લટકયાં નક્ષત્ર કેરાં ઝુમ્મરો, તારલિયાંના ચમકે ચમકાર જો....<br>
ગરબે રમે છે જગદંબિકા

દીવા પ્રકટાવ્યા ચાંદા–સૂર્યના, ઝળહળતી જ્યોતિ અપાર જો<br>
જીવનનાં તેલભર્યાં ઝગમગે, જીવોના દીવા ચોપાસ જો....ગરબે૦

હેતનાં હીર કેરી ચૂંદડી, અંગે નવરંગી સોહાય જો<br>
અગણિત ગુણોના અલંકાર શા, રૂપરૂપનો ઊમટયો અંબાર જો...ગરબે૦

ગાતી ગીતો વેદગાનનાં, શ્રુતિઓના છંદ કેરા તાલ જો<br>
પૃથ્વી, પાતાળ ને સ્વર્ગનાં બેડાં ખેલાવે જોગમાય જો....ગરબે૦

નમી નમીને માત ઘૂમતી, વરદ હસ્તેથી આશિષ વેરાય જો<br>
ઠમકો લેતી ને માત ચાલતી, ઠમકામાં દૈત્યોના ઘાત જો....ગરબે૦

ગરબે ખેલે છે આદ્યશક્તિ આ, જગદંબા જગની મોઝાર જો<br>
જુએ એને જન જે જગે, ખુવે ભવભવના સંતાપ જો....ગરબે૦

શ્રી ભુવનેશ્વરી શાસ્ત્રી

# પરીક્ષિત અને શુકદેવજી

શ્રી ડોંગરે મહારાજ

પાંડવોની પછી અભિમન્યુનો પુત્ર પરીક્ષિત ગાદી પર આવ્યો. એક દિવસ પરીક્ષિતને જિજ્ઞાસા થઈ કે જરા જોઉં તો ખરો કે મારા દાદાઓએ મારે માટે ઘરમાં શું રાખ્યું છે? બધું જોતાં જોતાં એક પેટીમાં સોનાનો મુકુટ તેના જોવામાં આવ્યો. વગર વિચાર્યે જ એ મુકુટ તેણે પોતાને માથે મૂક્યો. આ મુકુટ જરાસંધનો હતો. ભીમે જરાસંધનો વધ કરીને તેના પુત્ર સહદેવને તેની રાજગાદી આપી. આ વખતે ભીમે જરાસંધનો મુકુટ લઈ લીધેલો. જરાસંધના પુત્ર સહદેવે માગણી કરેલી કે મારા પિતાનો મુકુટ મને આપો. ધર્મરાજાએ મુકુટ ન લેવા ભીમને સલાહ આપેલી. આમ છતાં ભીમ જબરજસ્તીથી સેહદેવને રડાવીને આ મુકુટ લાવેલા. એથી આ મુકુટ એ અનીતિનું ધન છે. અનીતિનું ધન તેના કમાનારને દુ:ખી કરે છે અને વારસામાં મૂકી જાય તો વારસોને દુ:ખી કરે છે. એથી ભીમે તે મુકુટ એક બંધ પેટીમાં મૂકી રાખેલો. આજે પરીક્ષિતની દૃષ્ટિ પડતાં તેણે તે મુકુટ પહેર્યો. મુકુટ અધર્મથી લાવવામાં આવેલો એટલે તે દ્વારા કલિએ પરીક્ષિતની બુદ્ધિમાં પ્રવેશ કર્યો.

આ મુકુટ પહેરી પરીક્ષિત વનમાં શિકાર કરવા ગયો છે. ભાગવતમાં આ પ્રસંગે **एकदा** શબ્દ વાપર્યો છે. અર્થાત્ પરીક્ષિત કોઈ દિવસ શિકાર કરવા ગયો નથી, આજે જ શિકાર ખેલવા નીકળ્યો છે અનેક જીવોની હિંસા કરી છે. મધ્યાહ્નકાળે રાજાને ભૂખ-તરસ લાગી છે. વનમાં એક ઋષિના આશ્રમમાં પ્રવેશ કર્યો. તે શમિક ઋષિનો આશ્રમ હતો. ઋષિ સમાધિમાં મગ્ન હતા. કોઈ સંત જપ-ધ્યાનમાં બેઠા હોય ત્યારે તેમની પાસે જવું નહીં. જઈએ તો વંદન કરીને ચાલ્યા આવવું જોઈએ. તેમની પાસે લૌકિક વાતચીત કરીને તેમને વિક્ષેપ ન કરવો જોઈએ. પરીક્ષિત વિચારે છે: 'હું આ દેશનો રાજા છું છતાં આ ઋષિ મારું સ્વાગત કેમ કરતા નથી? સ્વાગત ન કરવા માટે જ આ ઋષિ સમાધિમાં હોવાનો ઢોંગ કરે છે. પરીક્ષિતની બુદ્ધિમાં કલિ બેઠેલો એટલે તેની બુદ્ધિ બગડી છે. રાજા તો પ્રજાનો સેવક છે. શમિક ઋષિની સેવા કરવાને બદલે રાજા તેમની પાસેથી સેવાની ઇચ્છા રાખે છે. ઋષિની સમાધિ ખૂલી નહીં એટલી વારમાં રાજાને દુર્બુદ્ધિ સૂઝી. તેણે એક મરેલો સર્પ ઋષિના ગળામાં પહેરાવ્યો. બ્રાહ્મણનું અપમાન કર્યું. બીજાનું અપમાન કરનાર પોતે પોતાની જાતનું અપમાન કરે છે. બીજાને છેતરનારો પોતે પોતાની જાતને છેતરે છે. કારણ કે આત્મા સર્વમાં એક છે. રાજાએ શમિક ઋષિના ગળામાં સાપ રાખ્યો નથી, પણ ખરી રીતે તો પોતાના ગળામાં જીવતો સાપ રાખ્યો છે. સર્પ કાળનું સ્વરૂપ છે. શમિક ઋષિ એટલે સર્વ ઇંદ્રિયોને અંતર્મુખ રાખી ઈશ્વરમાં સ્થિર થયેલો જ્ઞાની જીવ. એના ગળામાં મરી ગયેલો સર્પ આવે છે. અર્થાત્ એનો કાળ મરી જાય છે. જિતેન્દ્રિય યોગીનો કાળ મરે છે. એટલે કે તેમને કાળ અસર કરી શકે નહીં. રાજા એટલે કે જે રજોગુણમાં ફસાયેલો છે તેવો વિલાસી જીવ; જેના જીવનમાં ભોગ પ્રધાન છે તેવો જીવ. તેના ગળામાં કાળ જીવે છે એટલે કે જીવતો સર્પ તેના ગળામાં આવે છે.

શમિક ઋષિના પુત્ર શૃંગીને આ વાતની ખબર પડી. તેને થયું કે આ દુષ્ટ રાજાઓ બ્રાહ્મણનું અપમાન કરે છે. એ શું સમજે છે? હજુ જગતમાંથી બ્રહ્મતેજ ગયું નથી. હું રાજાને શાપ આપીશ. શૃંગીએ શાપ આપ્યો: 'રાજાએ મારા પિતાના ગળામાં મરેલો સાપ નાખ્યો, પરંતુ આજથી સાતમે દિવસે તેના ગળામાં જીવતો સાપ જશે—તેને તક્ષક નાગ કરડશે.'

શિકારમાંથી ઘેર આવી પરીક્ષિતે માથેથી પેલો મુકુટ ઉતાર્યો અને તેને પોતાની ભૂલ સમજાઈ: 'મેં આજે પાપ કર્યું છે. મારી બુદ્ધિ બગાડી અને મેં ઋષિનું આપમાન કર્યું.'

બુદ્ધિ બગડે એટલે સમજવું કે કંઈક અશુભ થવાનું છે. પાપ થઈ જાય તો તેનો પસ્તાવો કરી શરીરને તે માટે સજા કરો. જમતા પહેલાં વિચાર કરવો કે મારે હાથે પાપ તો થયું નથી ને? જે દિવસે પાપ થયું હોય તે દિવસે ઉપવાસ કરવો. એથી પાપ ફરીથી થશે નહીં. ધન્ય છે પરિક્ષિત રાજાને કે એણે જીવનમાં આ એક જ વાર પાપ કર્યું છે, પણ પાપ કર્યા પછી પાણી પણ પીધું નથી.

તે વખતે પરીક્ષિતે સાંભળ્યું કે મને ઋષિ-કુમારનો શાપ થયો છે. તેણે કહ્યું: 'જે થયું તે સારું થયું. પરમાત્માએ મારા પાપની સજા મને કરી છે સંસારના વિષયસુખમાં હું ફસાયેલો હતો. એટલે પ્રભુએ મને સાવધાન કરવા કૃપા કરી છે. મને શાપ ન થયો હોત તો હું ક્યાં વૈરાગ્ય ધારણ કરવાનો હતો? મારા માટે પ્રભુએ શાપાવતાર ધારણ કર્યો છે. સંસારના વિષયોમાં ફસાયેલા મને વૈરાગ્ય થવા માટે આ શાપ થયો છે. મૃત્યુ માથે છે એમ જો મનુષ્ય વિચારે તો પાપ થાય નહીં. પરીક્ષિત ઘરનો ત્યાગ કરી ગંગાકિનારે આવ્યા. ગંગાસ્નાન કર્યું. અન્નજળનો ત્યાગ કરી હવે હું ભગવત્સ્મરણ કરીશ—આવો નિશ્ચય કર્યો છે. મોટા મોટા ઋષિઓને આ વાતની ખબર પડતાં વગર આમંત્રણે તેઓ ત્યાં આવ્યા. ઋષિઓએ વિચાર્યું કે પરીક્ષિત હવે રાજા રહ્યા નથી, રાજર્ષિ બન્યા છે. રાજાના વિલાસી જીવનનો અંત આવ્યો છે. રાજાના જીવનનો પલટો થયો છે. એથી ઋષિઓ રાજાને મળવા આવ્યા છે. પરીક્ષિત ઊભા થયા છે. એક એક ઋષિને પ્રણામ દ્વારા પૂજા કરી છે.

પરીક્ષિતે ઋષિઓ પાસે કરેલું પાપ જાહેર કર્યું, જ્યારે લોકો પાપને છુપાવે છે અને પુણ્યને જાહેર કરે છે. સમાજમાં પાપ જાહેર કરવાથી પાપની આદત છૂટે છે. મેં પવિત્ર બ્રાહ્મણના ગળામાં સાપ નાખ્યો. હું અધમ છું. મારો ઉદ્ધાર કરો. મેં સાંભળ્યું છે કે પાપીને યમદૂતો મારતા મારતા લઈ જાય છે. મારું મરણ સુધરે તેવો ઉપાય બતાવો.

પરીક્ષિતે મૃત્યુની વેદનાનો વિચાર કર્યો. જન્મ-મૃત્યુના દુઃખના વિચારથી પાપ છૂટશે. તેણે ઋષિઓને કહ્યું કે સાત દિવસોમાં મને મુક્તિ મળે તેવું કરો.

મરણને કિનારે આવેલા મનુષ્યનું કર્તવ્ય શું વગેરે મને બતાવો. સમય થોડો છે. તેથી જ્ઞાનની મોટી મોટી વાતો કરશો તો સમય પૂરો થઈ જશે. મને એવી વાતો કહો, એવો ઉપાય બતાવો કે જેથી પરમાત્માના ચરણમાં હું લીન થાઉં.

ઋષિઓ વિચાર કરવા લાગ્યા કે અમે વર્ષોથી તપશ્ચર્યા કરીએ છીએ છતાં અમને પણ ચિંતા રહે છે કે મુક્તિ મળશે કે નહીં, અમને પણ મૃત્યુની બીક લાગે છે. અંતકાળે એકદમ પ્રભુનું નામ હોઠ પર આવવું મુશ્કેલ છે. કોઈ ઋષિ બોલવા તૈયાર થયા નહીં. સાત દિવસમાં મુક્તિ મળવી કઠણ છે. મરણની નજીકનો સમય અતિ કટોકટીનો અને નાજુક હોય છે. મહાજ્ઞાનીઓને પણ મરણ સમયે બીક લાગે છે.

ઋષિઓમાંથી કોઈ પરીક્ષિત રાજાને ઉપદેશ આપવા તૈયાર થયા નહીં. કોઈની બોલવાની હિંમત થઈ નહીં. ત્યારે પરીક્ષિત વિચારવા લાગ્યા કે આ ઋષિઓ સમર્થ છે છતાં મને ઉપદેશ આપવા તૈયાર થતા નથી જાતના જીવો ભલે મારો ત્યાગ કરે, પણ હું ભગવાનને શરણે જઈશ. તેઓ જરૂર કૃપા કરશે. તેઓ મારી ઉપેક્ષા નહીં કરે. પરીક્ષિતે ભગવાનનું શરણ લીધું. દ્વારકાનાથને યાદ કર્યા. મેં કંઈ સત્કર્મ કર્યું નથી. આ બ્રાહ્મણો મને ઉપદેશ આપવા તૈયાર નથી, કારણ કે હું અધમ છું. હે દ્વારકાનાથ, હું તમારો છું. તમારે શરણે આવ્યો છું. પરમાત્માએ શુકદેવજીને પ્રેરણા કરી કે ત્યાં પધારો. ચેલો લાયક છે. પરીક્ષિતનો જન્મ સુધારવા દ્વારકાનાથ પોતે આવેલા, પરંતુ મુક્તિ આપવાનો અધિકાર શિવજીનો છે. એટલે પરીક્ષિતનું મરણ સુધારવા ભગવાને શિવજીને કહ્યું. એટલે શિવજીના અવતાર શુકદેવજી ત્યાં પધારે છે.

વાસનાનું વસ્ત્ર પડી ગયું છે એટલે શુકદેવજી દિગમ્બર છે. સોળ વર્ષની અવસ્થા છે. અવધૂતનો વેશ છે. કેડ ઉપર કંદોરો નથી તો લંગોટી ક્યાંથી હોય? ઘૂંટણ સુધી લાંબા હાથ છે. વિશાળ વક્ષઃસ્થળ છે. દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર છે. મોઢા ઉપર વાળની લટો વિખરાયેલી છે. કૃષ્ણ જેવો શ્યામ વર્ણ છે. અતિ તેજસ્વી સ્વરૂપ છે. શુકદેવજીની પાછળ બાળકો ધૂળ ઉડાડે છે. નાગો બાવો જાય, નાગો બાવો જાય—ની બૂમો પાડે છે, પરંતુ શુકદેવજીને તેનું ભાન નથી. વૃત્તિ બ્રહ્માકાર છે. બ્રહ્મચિંતન કરતાં દેહનું ભાન ભૂલ્યા છે. પરમાત્માના ધ્યાનમાં જે દેહભાન ભૂલે છે તેના શરીરની કાળજી પરમાત્મા પોતે રાખે છે. આને દેહની જરૂર નથી, પણ મને એના દેહની જરૂર છે. ચારે તરફ પ્રકાશ ફેલાયો. સૂર્યનારાયણ તો ધરતી ઉપર ઊતરી આવ્યા નથી ને? મુનિઓ જાણી ગયા કે આ તો શંકરજીનો

અવતાર શ્રી શુકવજી પધાર્યા છે. તે વખતે શુકદેવજી સભામાં પધારે છે. વ્યાસજી પણ તે સભામાં છે. તે પણ ઊભા થઈ વંદન કરે છે. શુકદેવજીનું નામ લેતાં વ્યાસજી પણ ભાન ભૂલ્યા છે.

વ્યાસજી વિચારે છે કે ભાગવતનું રહસ્ય જેવું શુકદેવજી જાણે છે, તેવું હું જાણતો નથી. કેવો નિર્વિકાર છે! મારો પુત્ર કથા કરશે અને હું સાંભળીશ.

સુવર્ણના સિંહાન ઉપર શુકદેવજી બિરાજ્યા છે. રાજાનું કલ્યાણ કરવા પધાર્યા છે. પરીક્ષિતે આંખો ઉઘાડી. મારો ઉદ્ધાર કરવા પ્રભુએ આમને મોકલ્યા છે. નહીં તો મારા જેવા વિલાસીને ત્યાં, પાપીને ત્યાં તેઓ આવે નહીં. પરીક્ષિતે શુકદેવજીના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા છે. પરીક્ષિતે પોતાનું પાપ તેમની પાસે જાહેર કર્યું. હું અધમ છું, મારો ઉદ્ધાર કરો. જેનું મરણ નજીક આવેલું છે તેણે શું કરવું જોઈએ? એ પણ બતાવો કે મનુષ્યમાત્રનું કર્તવ્ય શું છે?

શુકદેવજીનું હૃદય પીગળી ગયું. તેમને થયું કે ચેલો લાયક છે. અધિકારી શિષ્ય મળે તો ગુરુને થાય છે કે હું મારું સર્વસ્વ તેને આપી દઉં. ગુરુ બ્રહ્મનિષ્ઠ હોય, નિષ્કામ હોય અને શિષ્ય પ્રભુદર્શન માટે આતુર હોય તો સાત દિવસમાં શું–સાત મિનિટમાં પ્રભુનાં દર્શન કરાવે છે. બાકી ગુરુ ધનનો લોભી હોય અને ચેલો લૌકિક સુખની લાલચથી આવ્યો હોય તો બંને નરકમાં પડે છે.

▲

## ચૂડી ને ચાંદલો

મારી અંબા પાસે માગું:
  અમર રાખજે મા, મારો ચૂડી ને ચાંદલો.
હું લળીને પાયે લાગું:
  અમર રાખજે મા, મારો ચૂડી ને ચાંદલો.
સૂરજ, ચાંદો ને તારા:
એ ત્હારા જ તેજફુવારા,
એ અજવાળે કાયમ:
  અમર રાખજે મા, મારો ચૂડી ને ચાંદલો.
તું આદિ–અનાદિ શક્તિ,
સર્જન, પાલન, તું મુક્તિ
દે ભક્તિમાં આસક્તિ
  અમર રાખજે મા, મારો ચૂડી ને ચાંદલો.
કુંકુમપગલે પધારવું,
છુમ છુમ નાચું હું ગાઉં.
  આતમ આસન બિછાવું:
  અમર રાખજે મા, મારો ચૂડી ને ચાંદલો.
મા તુજ પાસે શું માગું,
તે સાટે હું શું આપું:
સોહાગ આપી માગું છું:
  અમર રાખજે મા, મારો ચૂડી ને ચાંદલો.

શ્રી કનૈયાલાલ દવે

# નવી દૃષ્ટાંતકથાઓ

શ્રી રમણલાલ સોની

## બાટલીનો ધણી

એકવાર ઇન્દ્રદેવ ઘુવડની ઉપર પ્રસન્ન થઈ ગયા.

તેમણે તેને પોતાના ખાસ ભંડારમાંથી કાઢીને પીણાની એક બાટલી આપી.

ઘુવડે પૂછ્યું: 'આ શું છે?'

ઇન્દ્રે કહ્યું: 'શરાબ'

'શરાબ શું કામનો?'

ઇન્દ્રે કહ્યું: 'જે એ પીશે તે મનમસ્ત બની જશે—દેશ, કાળ અને પરિસ્થિતિ બધું એ ભૂલી જશે."

ઘુવડ બાટલી લઇને ગયો.

કહે: 'ઊંહું! આ પીણું મારા કામનું નહીં! હું ઉલ્લુ છું, ઉલ્લુની રીતે રહું છું; ઉલ્લુ સિવાય બીજું કંઈ થવું મને પાલવે નહિ. દેશ, કાળ અને પરિસ્થિતિ ભૂલી હું શું કરું? ચાલ, આ પીણું કોકને આપી દઉં?'

ઘુવડ બાટલી લઇને ગરુડની પાસે ગયો. કહે 'ગરુડજી, લો આ શરાબ પી જાઓ?'

ગરુડ કહે: 'એથી શું થશે?'

'તમે મન-મસ્ત બની જશો—દેશ, કાળ અને પરિસ્થિતિ બધું ભૂલી જશો!'

ગરુડે વિચાર કરી કહ્યું: 'મારા દેશને યે ભૂલી જાઉં!'

'હા, ધરતીનેયે ભૂલી જાઓ ને આકાશને યે ભૂલી જાઓ. એવું પીણું છે આ.'

'મારાં બૈરી-છોકરાંનેયે ભૂલી જાઉં?'

'હાસ્તો!'

'મારાં માવતરને?'

'હાસ્તો!'

ગરુડે કહ્યું: 'બધાંને ભૂલી જાઉં તો પછી મને જીવવાની કંઈ મજા ન આવે! બૈરીછોકરાંની ને માવતરની માથે ચિંતા છે, તો જીવવાની મજા આવે છે, જુસ્સો આવે છે. ઊંહું, મારે નહિ જોઈએ એ પીણું!'

પછી ઘુવડ ગયો કાગડાની પાસે. કહે: 'કાગારાણા, ભાઈ કાગારાણા, હું તમારા માટે એક સરસ પીણું લાવ્યો છું. તમે ચતુર છો, તમે એનો ઉપયોગ કરી શકશો?'

'કેવું છે એ પીણું? કાગડાએ પૂછ્યું.

'એ પીશો તો તમે દેશ, કાળ અને પરિસ્થિતિનું તમામ દુઃખ ભૂલી જશો—તમે મન-મસ્ત બની જશો.'

કાગડાએ થોડી વાર વિચાર કરી કહ્યું: 'ઊંહું, મારે નહિ જોઈએ એ પીણું!'

નવાઇ પામી ઘુવડે કહ્યું: 'કેમ નહિ જોઈએ? તમે જ્યારે ને ત્યારે દુઃખની ફરિયાદ કરતા હો છો. આ પીણું પીશો તો તમે તમારું બધું દુઃખ ભૂલી જશો! તમે સુખી સુખી થઈ જશો!'

કાગડાએ કહ્યુ: 'દુઃખ ભૂલીને મારે સુખી નથી થવું—દુઃખની સામે લડી એને હરાવીને સુખી થવું છે એટલે દુઃખ ભૂલવાનું તમારું પીણું મારા કામનું નથી!'

ઘુવડે કહ્યું: 'ભલા આદમી, પી લેને! જેટલી ઘડી દુઃખ ભુલાયું એટલું ખરું!'

કાગડાએ કહ્યુ: 'હું દુઃખથી એવો હાર્યો નથી કે થાકયો નથી; અને કદી હારવાનો નથી કે થાકવાનો યે નથી! દુઃખ છે તો સુખની મજા છે, સુખનાં સ્વપ્નાં છે. એટલે દુઃખ ભૂલવાનું તારું પીણું મારે પીવું નથી, ભાઈ!'

ઘુવડ પછી ગયો મોરની પાસે.

મોર કળા કરી કરીને નાચતો હતો.

ઘુવડે તેને કહ્યુ: 'ભાઈ મોરલા, તારા માટે હું આ પીણું લાવ્યો છું તું એ પી લે ને પછી મનમસ્ત બનીને નાચ.'

મોરે કહ્યું: 'મારે કોઈ પીણાની જરૂર નથી, ભાઈ.'

ઘુવડે નવાઈ પામી કહ્યું : 'નથી કેમ? છે. તું કલાકાર છે, આ પીણું પીવાથી તું મન-મસ્ત બની જશે અને તારી કલા પૂરબહારમાં ખીલશે.'

મોરે કહ્યું : 'ઘુવડ મહારાજ, મારી કલા કોઈ ખાણા-પીણાથી નથી ખીલતી. એ તો એની મેળે અંતરમાંથી ઊગે છે ને પ્રકટે છે. મારે કોઈ પીણાની જરૂર નથી.'

હવે ઘુવડ ગયો હાથીની પાસે.

કહે : 'હાથી દાદા, આ પીણું પીઓ ને મનમસ્ત બની વનરાવનમાં ફરો.'

હાથીએ કહ્યું : 'વગર પીધે હું એટલો મસ્ત છું, ભાઈ, કે કાલે મેં એક ટિટોડીને પગ નીચે પીલી નાખી હતી—ના, ના, ના, મારે એવા મસ્ત નથી થવું.'

ઘુવડ હવે ગયો વાઘની પાસે.

કહે : 'મામા રે મામા, આ પીણું તમે પી જાઓ, તમે જબરા બની જશો.'

વાઘ કહે: 'પછી શું ?'

ઘુવડે કહે: 'પછી તમે મલકના બાદશાહ, તમે એલફેલ બોલી શકો, એલફેલ ચાલી શકો, તમને કોઈ પૂછે કે કરે.'

વાઘે કહ્યું : 'ઊંહું, ઊંહું. હું વાઘ છું ને વાઘની પેઠે બોલું ચાલું એ જ ઠીક છે. એલ-ફેલને હું શું કરું? વનના વાઘ મટી મારે બીજું કશું નથી થવું.'

હવે ઘુવડ ગયો માણસની પાસે.

કહે : 'માણસ કાકા, માણસ કાકા, મારી પાસે એક પીણું છે, એનું કોઈ ધણી થતું નથી. તમે પીશો એ ?'

માણસે કહ્યું : 'શું થશે એ પીવાથી ?'

ઘુવડે કહ્યું : 'એ પીવાથી તમે મનમસ્ત બની જશો.'

માણસે કહ્યું : 'બસ, એટલું જ ?'

ઘુવડે કહ્યું : 'દેશ, કાળ અને પરિસ્થિતિ ત્રણે તમે ભૂલી જશો—બૈરી, છોકરાં, માવતર બધું ભૂલી જશો !'

માણસે કહ્યું : 'બસ આટલું જ ?'

ઘુવડે કહ્યું : 'તમે આધિ, વ્યાધિ ને ઉપાધિ બધું ભૂલી જશો !'

માણસે કહ્યું : 'બસ, આટલું જ ?'

ઘુવડે કહ્યું : 'અરે, તમારો પગ ધરતી પર નહીં ઠરે, આંખ આકાશમાં નહિ ઠરે !'

માણસે કહ્યું : 'બસ, આટલું જ ?'

ઘુવડે કહ્યું : 'તમે ધરતીના બાદશાહ બની જશો !'

માણસે કહ્યું : 'માત્ર ધરતીના ? આસમાનના નહીં ?'

'આસમાનના પણ, અરે, આસમાનની પેલી પારના પણ !'

માણસ ખુશખુશ થઈ ગયો; કહે : 'વાહ, વાહ ! હું ધરતીનો બાદશાહ, આસમાનનો બાદશાહ, આસમાનની પેલી પારનોયે બાદશાહ ! લાવ, લાવ, એ બાટલી લાવ ! એ મારા માટે જ છે !' બોલતાં બોલતાં એણે ઘુવડના હાથમાંથી શરાબની બાટલી ખૂંચવી લીધી અને ગટ ગટ ગટ આખીયે બાટલી મોંમાં ઠાલવી દીધી !

એટલે કહ્યું છે કે

માણસ સમજે મીર હું, બાટલીનો હું બાપ,
બાટલી એને જાય પી, કે રહી જાય માથે શાપ.

## ગરુડનો પ્રશ્ન : ઘુવડનો ઉત્તર

એક હતો ઘુવડ અને એક હતો ગરુડ. બંને પાકા મિત્રો હતા રોજ રાતે બંને મિત્રો એક ઝાડ પર ભેગા થતા ને સુખદુઃખની વાતો કરતા.

એક રાતે તેઓ આવી રીતે એકબીજાને મળવા માટે આવ્યા હતા. ત્યાં રસ્તામાં ઘુવડે

એક ઉંદરને જોયો.

તરાપ મારી તેણે ઉંદરને પંજામાં પકડી લીધો. પછી તે પેલા ઝાડ પર આવીને બેઠો.

ગરુડ પણ અહીં આવતો હતો, ત્યાં રસ્તામાં એણે એક સાપ જોયો. તરત તરાપ મારી એણે સાપને પોતાના પંજામાં પકડી લીધો. પછી તેયે પેલા ઝાડ પર આવીને બેઠો.

બંને મિત્રોએ એકબીજાને જે જે કર્યા.

એટલામાં સાપની નજર ઘુવડના પંજામાં પકડાયેલા ઉંદર પર પડી.

પોતે બીજાના પંજામાં પકડાયેલો છે એ વાત એ ભૂલી ગયો અને ઉંદરને જોઈ એની જીભ લબલબ થવા લાગી. ઉંદરને પકડી મારી ખાવા એણે જોર કર્યું. આટલું જોર તો એણે ગરુડના પંજામાંથી છૂટવા માટે પણ નહોતું કર્યું.

તે કોઈ રીતે ઉંદરને મારી શકે એમ હતું જ નહિ. તોયે હજી તેની જીભ ઉંદરને જોઈ લબલબ થતી રહી.

બીજી તરફ ઉંદર પોતે પણ મોતના પંજામાં સપડાયેલો હતો. ઘુવડ તેને મારી ખાય એટલી જ વાર હતી, તોયે સાપને જોઈ તે બીવા લાગ્યો, ને ઘુવડના જ પંજામાં જીવ બચાવવા લપાઈ જવાનું કરવા લાગ્યો.

ગરુડ આ જોઈ નવાઈ પામ્યો.

તેણે ઘુવડને કહ્યું : 'દોસ્ત ઘુવડ, મારા મનમાં અત્યારે એક સવાલ પેદા થયો છે. તું પંખીઓમાં પંડિત ગણાય છે, કારણ કે બીજાને જ્યાં કશું નથી દેખાતું ત્યાં તને બધું સાફ સૂતરું દેખાય છે તું અંધકારની આરપાર જોઈ શકે છે. માટે, તું મારા મનનું સમાધાન કર!'

ઘુવડે ડહાપણ સૂચવતી ગોળ આંખો પટપટાવીને કહ્યું : 'ઘણી ખુશીથી.'

હવે ગરુડે કહ્યું : 'આ ઉંદર અને સાપ બેઉ મોતના પંજામાં સપડાયેલા છે, છતાં એ બેઉ અત્યારે એકબીજાને જોઈ એ મોતને ભૂલી ગયા લાગે છે તેનું શું કારણ ?'

ઘુવડે પંડિતની છટાથી કહ્યું : 'સવાલ બહુ અઘરો છે. મારા સિવાય કોઈ એ ઉકેલી શકે એવું મને લાગતું નથી. સૃષ્ટિ રચાઈ ત્યારે પહેલો સવાલ આ જ પેદા થયો હતો, અને સૃષ્ટિનો અંત આવશે ત્યારે છેલ્લો સવાલ પણ આ જ હશે.'

આવા વિકટ સવાલનો જવાબ તને ન જડે તો એથી મને કંઈ નવાઈ લાગતી નથી—તને પણ ન લાગવી જોઈએ. મારો જવાબ પણ કદાચ તને પૂરો ન સમજાય તોપણ તેથી તારે નવાઈ પામવું નહિ. જેવો સવાલ અઘરો છે, તેવો જ જવાબ પણ અઘરો છે. છતાં હું તે તને સમજાવવા પ્રયત્ન કરીશ. કારણ કે તું મારો મિત્ર છે.

'છું જ!' ગરુડે ગર્વથી કહ્યું.

'શિષ્ય પણ છે!' ઘુવડે કહ્યું.

'છું જ.' ગરુડે કહ્યું ખરું, પણ આ વખતે એનો ઉત્સાહ જરા ઓછો દેખાયો.

હવે ઘુવડે કહ્યું : 'વાત એમ છે કે માણસ જીભના ચસકે ચડે, પછી તેને બીજું કંઈ સૂઝતું નથી—એ સ્વાદનો ગુલામ બની જાય છે. સામું ઊભેલું મોત પણ એને દેખાતું નથી. આ સાપની દશા એવી છે. ઉંદરને જોઈ એની જીભ પાણી પાણી થઈ જાય છે—માથા પર મોત છે એ વાત એ ભૂલી જાય છે અને જીભના સ્વાદને સંતોષવા માટે એ તરફડે છે. તેવી જ રીતે ભય છે તે ખુદ મોતથી પણ ભયાનક છે. ભયનું છેવટનું પરિણામ આવીઆવીને મોતથી

વધારે કંઈ આવી શકતું નથી, તોપણ માણસ ભયથી એવો ભીત થઈ જાય છે કે તે વખતે એ માથા પર ઊભેલા મોતનેયે ભૂલી જાય છે!'

'ખરી વાત! ખરી વાત!' કહી ગરુડે ઘુવડને ધન્યવાદ આપ્યો. પછી બંને મિત્રો તેમની રોજની વાતોએ ચડયા. એટલે કહ્યું છે કે–

માથે લટકે મોત, પણ જીભનો ચટકો થાય,
જીભને ચટકે માનવી ભવનો ઝટકો ખાય!

# શેઠ અને નોકર

જ્યારે શેઠ કોઈને નોકર રાખે છે ત્યારે એ શેઠ તે નોકર પાસેથી તેના પગાર કરતાં વધારે કામ લેવાની બુદ્ધિ રાખે છે. નોકર રહેનાર માણસ ગરીબ સ્થિતિમાં હોવાથી તે બિચારો વેપાર વગેરે કરી શકતો નથી. જો કે તેનામાં વેપાર–ધંધો કરવાની બુદ્ધિ–આવડત તો છે, પરંતુ પૈસાનું સાધન નહીં હોવાથી તે નોકરી કરે છે. શેઠ નોકર પાસેથી તેના પગાર કરતાં વિશેષ લાભ મેળવવાની બુદ્ધિ રાખે તો તે શેઠ તે નોકર પાસેથી પણ ભીખ માગનાર એવો પામર ગણાય. શેઠ જો નોકર પ્રત્યે એવી ભાવના રાખે કે આ પણ મારા જેવો થાય અને શેઠ તેને ઘટતી સહાય આપે, તેના પર કામનો બોજો વધારે હોય તો તે વખતે કામમાં મદદ આપે–વગેરે દયાની લાગણી રાખે તે શેઠ ખરેખરો શ્રેષ્ઠ ગણાય.

—શ્રીમદ્ રાજચંદ્ર

ટે. નં. ૨૯૮૩૨ **એચ. જગમોહનદાસની કું.** ટેલિગ્રામ–બ્લેકવુડ

જનરલ સપ્લાયર્સ અને બધી જાતના ઈલેક્ટ્રિક
સામાનના વહેપારી

સોલ એજન્ટ : બીજલી લેમ્પ

ગોપાલ નિવાસ, ૧૭૬, લુહાર ચાલ, મુંબઈ–૨

બ્રાન્ચ : ૧
લક્ષ્મી ઈલેક્ટ્રિક સ્ટોર્સ
બુધવારી પેઠ, પૂના

બ્રાન્ચ : ૨
એચ. જગમોહનદાસની કું.
ગેંડીગેટ, વડોદરા

શ્રી અચ્છરલાલ ગોરધનદાસ શાહ, ટાઈલ્સવાળાના સૌજન્યથી ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ

# એ તો એની જાત જુદી, અને આપણી જુદી!

—શ્રી હરિશ્ચંદ્ર

જંગલમાં કૂદતી ઠેકતી નાચતી ચંચળ મૃગલી જેવી એક સરિતા વહે છે. નીતર્યું છે એનું નીર. એના પાવનકારી પ્રવાહમાં સૂર્યને અર્ઘ્ય આપતો એક સાધુ ઊભો છે—ગાયત્રી મંત્રનો જાપ કરતો. મનોમન પ્રાર્થના કરે છે: 'પ્રભો, આ અવનિ પર શાંતિનું સામ્રાજ્ય પ્રસરાવ. સિંહની પીઠ પર સસલું રમે, સમડીની ગોદમાં સાપ સુએ. આર્યો અનાર્યો એક થઈ જીવે.'

બરાબર તે જ વખતે એક સમડીએ પોતાના માળામાંથી સૂર્યબિંબ તરફ ડોકિયું કર્યું. તેનું એકનું એક લાડકવાયું ધીમે રહી એની ગોદમાં લપાઈ ગયું. વહાલપૂર્વક વાંકી વળી તેની ચાંચમાં પોતાની ચાંચ પરોવી સમડી બોલી, 'રાજા, તારે માટે ખાવાનું શોધવા જાઉં છું. કાલે તું બહાર જવા અધીર બની ઊઠયું હતું. પણ હજી તારી પાંખો નબળી છે અને આ જંગલમાં એક એવી ડાકણ છે જે માસુમ બચ્ચાંઓને પીંખી-પીંખીને ખાઈ જાય છે. મારા સમ છે આજે જો તું બહાર ગયું છે તો. મારા બચુડા માટે આજે હું શું લાવવાની છું, કહું? એક સુંદર સાપનો કણો.'

'કણો?'

'હા! એનું માંસ કેટલું મીઠું હોય છે! પણ કહેવાથી તને તે કદીયે નહીં સમજાય. આજે તું તે ખાઈ જોજે એટલે...'

'તે બા, એને તારા જેવી મીઠી મીઠી મા હોય છે કે?'

સમડીએ ડોક હલાવી. 'તો પછી એની બા રડતી બેસશે ને?'

'મારું બકલું કેવું ભલું ભોળું છે! અરે ગાંડુ! સાપની જાત જુદી ને આપણી જાત જુદી આપણી ને એની વચ્ચે તો વેર છે.'

'વેર એટલે શું?'

'એટલે આપણે એને મારી નાખવાનું.'

'પણ તેને મારવાથી ફાયદો શો?'

'આપણને ખાવાનું મળે એસ્તો.'

'પણ મા! આપણે બીજું કશું ખાઈશું.'

'ગાંડો ક્યાંનો! આ જંગલમાં પેલો સાધુ રહે છે તેને ત્યાં જન્મ લેવો હતો ને!' કહી બચ્ચાને હસતાં હસતાં બોકી ભરી પાંખો પસારી સમડી ઊડવા લાગી.

બરાબર આ જ વખતે એક ભીલ હાથમાં તીર-કામઠું લઈ ઝૂંપડીની બહાર જવા નીકળ્યો. જતાં જતાં પોતાના એકના એક લાડકવાયાને બચ્ચી કરી તે બોલ્યો, 'બેટા! રંગબેરંગી ફૂલો એકઠાં કરવા તું કાલે ક્યાંય દૂરનો દૂર નીકળી ગયો હતો. હવે એવી રીતે ક્યાંય ન જઈશ હોં,. ભઈલા! આ વનવગડામાં તો અનેક જીવજંતુ હોય. તારે માટે સરસ સમડીનું બચ્ચું લાવી આપીશ.'

'હેં બાપુ, તે બચ્ચાની મા હશે ને!'

'અરે ગાંડા! મા સિવાય તે કોઈ જન્મતું હશે?'

'તો મારે તે નથી જોઈતું, તેની મા રડતી બેસશે, કાલે હું ખોવાઈ ગયો 'તો ત્યારે તમે કેવા રડતા બેઠા'તા!'

તેની પીઠ પર પ્રેમથી હાથ ફેરવતાં ભીલ બોલ્યો, 'તારે તો જન્મવું જોઈતું હતું પેલા સાધુને ત્યાં. અરે, ભોળિયા મારા! આ પંખીની જાત જુદી અને આપણી માણસજાત જુદી.' કહી એના ગાલે પ્રેમથી ટપલી મારી ભીલ શિકારે નીકળી ગયો.

આ જ સમયે એક સાપણ ઝાડીની પાછળ પોતાના સાપોલિયા સાથે રમતી હતી. રમીને થાકેલું સાપોળિયું બોલ્યું, 'મા, તડકો કેવો ચઢયો છે? ચાલને આપણે દરમાં જઈએ.'

સાપણ ક્રોધિત થઈ બોલી, 'જરા થોભ, પેલો ભીલ રોજ આ રસ્તે જ જાય છે. તેને ડસ્યા વિના મને ચેન પડશે નહીં.'

'પણ મા, તેનો પગ ભૂલથી તારા પર પડયો હશે. હું તારા શરીર પર આળોટીને તને કેવું ગુંદી નાખું છું!'

'ગાંડા રે ગાંડા! આપણા જંગલમાં પેલા સાધુ રહે છેને તેને ત્યાં જ તું તો શોભે...'

અધીરે સાદે વચ્ચે જ સાપોળિયું બોલ્યું: 'પેલા શિકારીને તું કરડીશ તો તેનો છોકરો રડતો નહીં બેસે?'

'બેસવા દે ને, આપણે શું? આપણી જાત જુદી અને માણસની જાત જુદી.'

ત્યાં તો સૂકાં પાંદડાંનો ખખડતો અવાજ સંભળાયો ને લાગલી જ સાપણ બોલી, 'ઝટ પાછી ફરું છું, હોં કે મારા બકલા! ઝાડીની બહાર ક્યાંય જઈશ મા.'

ભીલ નીકળ્યો’તો સમડીની શોધમાં. સાપણે તેનો પીછો પકડ્યો. પણ એકાએક તેની નજર આકાશ ભણી ગઈ. એક સમડી તીક્ષ્ણ દૃષ્ટિથી તેની તરફ જોતી હતી. તેનાં રૂંવાટાં ખડાં થઈ ગયાં, ને તે ઝાડ પર નજીકની ઝાડીમાં ભરાઈ બેઠી. થોડી વારે બહાર આવી તેણે જોયું તો ના મળે ભીલ કે ના મળે સમડી. તે તો ધૂંવાંપૂંવાં થઈ ફૂંફાડા મારતી ભીલને શોધવા લાગી.

તેની પાછળનું જ તે સાપોલિયું પણ રમવા નીકળ્યું હતું, તેનું યે તેને ભાન ન રહ્યું. ભીલનો છોકરો પણ બાપની પાછળ પાછળ બહાર નીકળ્યો હતો. ઊડવાના મોહને રોકી ન શકનાર સમડીનું બચ્ચું પણ આકાશમાં ચકરાવો લેતું હતું.

ભીલ આકાશ તરફ મીટ માંડી બેઠો હતો. પેલું બચ્ચું તેને દેખાયું. તેણે સરરર કરતું તીર છોડ્યું. ભીલ તો દૂર નીકળી ગયો હતો, પણ તેનો છોકરો રમતો હતો તેને સાપણે ડંખ્યો. ઝાડી બહાર નીકળેલ સાપોળિયા પર સમડીએ ઝપટ મારી.

(શ્રી વિ. સ. ખાંડેકરની વાર્તાને આધારે)

*

# પુનિત પ્રસંગો

‘આશીર્વાદ’ માસિકનો બીજા વર્ષનો પ્રથમ અંક **શ્રીમદ્ ભાગવત અંક** માર્ગશીર્ષ શુક્લ ૧૧ **ગીતાજયંતી** તા. ૧૨-૧૨-૬૭ના રોજ પ્રસિદ્ધ થશે.

આ પ્રથમ અંકની પ્રસિદ્ધિ સમયે અમદાવાદના ટાઉનહોલમાં તા. ૧૧ તથા ૧૨ ડિસેમ્બર ૧૯૬૭—બે દિવસ માટે જુદા જુદા ત્રણ પુનિત પ્રસંગોના સમારંભનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

૧: ભારત અને ગુજરાતના સુપ્રસિદ્ધ કીર્તનાચાર્ય શ્રી હરિદાસ-**મહારાજશ્રી વિજયશંકર દ્વિવેદી ૯૦ વર્ષ પૂરાં કરી ૯૧ મા વર્ષમાં પ્રવેશ કરે છે.** તેમની પંદર વર્ષની ઉંમરથી અત્યાર સુધી એટલે લગભગ પોણી સદી સુધી વિશાળ જનસમાજને સદુપદેશ, સત્સંગ, સંકીર્તન, સંગીત અને સંસ્કારિતાની સરિતાનો લાભ મળતો રહ્યો છે અને હજુ પણ ઈશ્વરેચ્છા સુધી મળતો રહેશે. ગુજરાત રાજ્યના અગ્રગણ્ય નેતાઓ અને પ્રસિદ્ધ પુરુષોની ઉપસ્થિતિમાં આ વયોવૃદ્ધ સત્પુરુષનું તેમની દીર્ઘકાળની સેવાઓ માટે સન્માન કરવામાં આવશે.

૨: શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી શ્રીમદ્ ભાગવત ઉપર જુદી જુદી ૧૩ ટીકાઓનો વિસ્તૃત ગ્રંથ તૈયાર કરી રહ્યા છે. ભાગવત ઉપરની આટલી ટીકાઓનો આવો અદ્વિતીય મહાગ્રંથ ભારતભરમાં આ પ્રથમ જ છે.

શ્રીમદ્‌ભાગવતના ૧૨ સ્કંધોમાંથી ૧ લા તથા ૨ જા સ્કંધની ટીકાઓનો ગ્રંથનો **પહેલો ભાગ** તૈયાર કરી છપાવી પ્રસિદ્ધ કરીને શ્રી શાસ્ત્રીજીએ **ગોસ્વામી શ્રી દીક્ષિતજી મહારાજને** અર્પણ કર્યો છે.

ત્રીજા સ્કંધ ઉપરની ટીકાઓનો **બીજો ભાગ** વડોદરાના **શ્રી બદરીનાથ શાસ્ત્રીજીને** અર્પણ કરેલ છે.

ચોથા સ્કંધની ટીકાઓનો **ત્રીજો ભાગ** ભારતના માજી રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનને સમર્પિત કરેલ છે.

પાંચમા સ્કંધ પરનો ચોથો ભાગ શ્રી ઇંદિરા ગાંધીને અર્પણ કરેલ છે.

છઠ્ઠા સ્કંધવાળો **પાંચમો ભાગ શ્રી મોરારજીભાઈ** દેસાઈને અર્પણ કરાયો છે.

હવે તૈયાર થયેલો સાતમા સ્કંધ પરની ટીકાઓવાળો **છઠ્ઠો ભાગ શ્રી હિતેન્દ્રભાઈને** સમર્પિત કરવાનો વિચાર રખાયો છે. આમ તૈયાર થઈ રહેલા મહાગ્રંથનો આ છઠ્ઠો ભાગ પ્રસિદ્ધ થાય છે.

આ સમર્પણવિધિ ટાઉનહોલમાં ઉપરોક્ત સમારંભ વખતે કરવામાં આવશે.

૩: આ સમારંભોની સાથે ‘આશીર્વાદ’ના બીજા વર્ષના પ્રથમ અંક શ્રીમદ્‌ભાગત-અંકનો પણ માન્ય સત્પુરુષના હાથે ઉદ્ઘાટનવિધિનો સમારંભ થશે.

આ દિવસથી ‘આશીર્વાદ’ના નવા વર્ષના ગ્રાહકોને તથા એજન્ટોને શ્રીમદ્‌ભાગવત-અંક મોકલવા શરૂ થશે.

# સમાચાર સમીક્ષા

'સંજય'

કરચોરી, દાણચોરી તથા જકાતચોરી અટકાવવા માટે તેમ જ કાળાં બજાર અટકાવવા માટે સરકાર વધુ કડક કાયદાઓ કરવાની છે. પરંતુ કાયદા ગમે તેટલા કડક હોય છતાં જો તેનો અમલ ઢીલો રહે તો કાયદાનો કશો અર્થ રહેતો નથી. આજ સુધી લાંચરૂશવત અને કાળાં બજાર અટકાવી શકાયાં નથી એટલે વહીવટી તંત્ર કેટલું સુધરે છે તે જોવાનું રહે છે.

## લાગવગ

આજે તંત્રમાં સ્થિતિ એ છે કે એક પ્રધાન કે અમલદાર પણ કોઈની સામે કાંઈ પગલાં લેતાં ખચકાય છે. કાંઈ પણ પગલાં લઈશું તો સંગઠન દ્વારા એક યા બીજી કક્ષાએ મુશ્કેલીઓ ઊભી કરવામાં આવશે એવો ભય સૌના મનમાં વસી ગયો છે.

બીજી બાજુ 'મારે શા માટે માથાકૂટમાં પડવું?' આવી વૃત્તિ વરિષ્ઠ કક્ષાએ પણ વધી છે. પરિણામે કોઈ કોઈનો જવાબ માગતું નથી, માગી શકતું નથી! જે શિસ્તબદ્ધ રીતે કાર્યક્ષમતાપૂર્વક સૌની પાસે કામ લેવાવું જોઈએ તે ભાગ્યે જ કોઈ કક્ષાએ લેવાય છે!

એક બીજું મહત્ત્વનું બળ આ અંગે ભાગ ભજવી રહ્યું છે તે રાજકીય, સામાજિક કે આર્થિક સ્વરૂપની લાગવગનું છે.

કોઈ નાગરિક કે સરકારી નોકર ગમે તેવું ખોટું કામ કરે, ગુનો કરે ને પકડાય તો એ એક યા બીજા પ્રકારની રાજકીય, સામાજિક કે આર્થિક લાગવગનું દબાણ લાવી પોતાના ગુનાને માટે પોતાને કંઈ ન થાય તેવી સ્થિતિ ઊભી કરવામાં ઘણે અંશે સફળ થાય છે.

રાજકીય લાગવગ તંત્રને ખરાબ કરવામાં એક મહત્ત્વનો ભાગ ભજવી રહી છે. નાગરિક કે અમલદારનો કોઈ પણ પ્રકારનો ગુનો પકડાય છે તો આવો ગુનો કરનાર તુરત કોઈ ને કોઈ કાર્યકર, ધનિક, નાગરિક કે ગુનાની તપાસ કરનાર અમલદાર ઉપર અસર પાડી શકે તેવા કોઈક સગાવહાલાને શોધી લાવે છે અને પછી જે કંઈ દબાણ લાવી શકાય તે લાવે છે. 'આ તો કરવું જ પડશે. આપણા માણસ છે. એમને કશું થાય તો આપણને ભારે નુકશાન થાય...ચૂંટણી માટે બહુ કામના માણસ છે. આવી જાતજાતની વાતો થાય છે. જાતજાતનાં સગાંવહાલાં બધાંની લાગવગ આવી પહોંચે છે.

આમાં એમને સફળતા ઘણે ભાગે મળી જ જાય છે, પણ જો ન મળે તો પછી પૈસાનો માર્ગ એક યા બીજી કક્ષાએ અજમાવવામાં આવે છે! અનેક કક્ષાએ એનાથી કામ પતી પણ જાય છે!

## સામનો કેમ થઈ શકે?

ત્યારે આ બળોનો સામનો શી રીતે થઈ શકે? આજે જે સમગ્ર રીતે બધી કક્ષાએ આપણું નૈતિકતાનું ધોરણ નીચું ગયું છે તેનો સામનો શી રીતે થઈ શકે? આ પ્રશ્ન મહત્ત્વનો છે.

એક સૌથી મહત્ત્વની વાત આજે જોવા મળતી હોય તો તે એ છે કે કોઈ કક્ષાએ મનમાં ડર રહ્યો નથી. પકડાઈશું તો કંઈક ને કંઈક 'પ્રબંધ' કરી લઈશું એવી લાગણી વ્યાપક બની છે. આજની સ્થિતિમાંથી બહાર નીકળવું હોય તો આ સ્થિતિ દૂર કરવી જોઈએ. ગુનો કરવા માટે શિક્ષા તુરત અને અસરકારક બને તેવો ઉપાય બધી કક્ષાએ યોજાવો જોઈએ.

જેમ કોઈ લાંચ લે પછી એ નાની હોય કે મોટી, તો ઓછામાં ઓછી છ માસ કે એક વર્ષની સજા થાય જ એવો પ્રબંધ કરવો જોઈએ. એટલું જ નહિ, લાંચ, કરચોરી, ખોરાકની ચીજોમાં ભેળસેળ, આવા ગુનામાં પકડાય કે ૨૪ કલાકમાં કેસ કોર્ટમાં જાય અને કોર્ટ એવા કેસમાં કોઈ મુદતો ન આપી શકે, પણ કેસ હાથમાં લીધો એટલે પૂરો કરવો જ જોઈએ એવા કેટલાક પ્રબંધો કરવા જરૂરી છે. જેથી લાંચરૂશવતનો અવકાશ ઓછો થઈ જાય.

રોગ વ્યાપક છે–ઊંડો છે–વિશિષ્ટ પ્રકારનો છે. એને પહોંચી વળવાના ઉપાયો પણ વ્યાપક, ઊંડા, સખત અને ત્વરિત કરવા જ રહ્યા.

## વીસ વર્ષે....

સ્વરાજનાં વીસ વર્ષના અનુભવામાંથી જે કંઈ પાઠ મળ્યો હોય તે શીખીને આ દિશામાં નવેસરથી

...ધારણા કરવાની જરૂરનો સ્વીકાર કરી તેને અમલી બનાવવાની દિશામાં પગલાં લેવાવાં જોઈએ.

ગાંધીજીએ સારાં લક્ષ્ય સિદ્ધ કરવાં હોય તો સારાં સાધનો વાપરવાની હંમેશાં હિમાયત કરી હતી ને એના ઉપર ખૂબ જ ભાર મૂક્યો હતો. આપણે એક મજબૂત અને આબાદ લોકશાહી દેશ ને પ્રજા ઊભાં કરવાં છે. એ માટેનું આપણું સાધન—સરકારી તંત્ર સડેલું, બિનકાર્યક્ષમ અને તદ્દન બિનઅસરકારક રાખીને તે લક્ષ્ય શી રીતે સિદ્ધ કરી શકીશું ?

સૌ કોઈને માટે આ વિચાર કરવા જેવો પ્રશ્ન છે.

*

# પ્રશ્નોત્તર

**પ્રશ્ન :** આપણી વાસનાઓ અને આત્માની ઇચ્છા કે પ્રેરણા, આ બે વચ્ચેનો ફરક કેમ ઓળખાય ?

**ઉત્તર :** આપણી વાસના અને પરમાત્માની પ્રેરણા એ બેમાં અંધકાર ને પ્રકાશ જેટલો ફરક છે. વાસના ચિત્તને અશાંત કરે છે, પરમાત્મ-પ્રેરણા શાંતિ આપે છે. વાસનાનો ચિત્ત પર બોજો લાગે છે, પરમાત્મ-પ્રેરણાથી પ્રેરિત ચિત્ત બધા ભારથી મુક્ત થાય છે.

**પ્રશ્ન :** આખું વિશ્વ પરમેશ્વરની ઇચ્છાનું પરિણામ છે, એ ભાવના દૃઢ થઈ છે. તેમ છતાં વિશ્વભાવનાથી કામ કર્યા પછીયે મન જૂના વિચારોથી જ ભર્યું રહે છે. નિર્વિચાર સ્થિતિ પ્રાપ્ત નથી થતી. એ વિચારોથી છુટકારો કેમ મેળવવો ?

**ઉત્તર :** સાધક પોતે એમ માનતો હોય કે હું વિશ્વપ્રેમથી પ્રેરાઈને કામ કરું છું, પણ એ કામમાં અહંકાર અને આસક્તિ બંને હોઈ શકે છે. એટલે ધ્યાન માટે આવશ્યક એવી નિર્વિચારતાની વાત તો બાજુએ રહી, પણ નિર્વિકારતાનોયે તેમાં અભાવ હોઈ શકે છે. જરા વિચારીશું તો ધ્યાનમાં આવશે કે સામાન્યપણે માણસ વિશ્વપ્રેમથી કામ નથી કરતો; સ્વ-જન, સ્વ-સમાજ, સ્વ-જાતિ એવી 'સ્વ'ની ઉપાધિમાં તે સેવા કરે છે. સ્વ-દેહ એ નાની ઉપાધિ. તેના કરતાં સ્વ-સમાજ એ વધુ વ્યાપક ઉપાધિ. પરંતુ એ પણ છે તો ઉપાધિ જ. અને ધ્યાન માટે નિરુપાધિક ભૂમિકા જોઈએ. વિશ્વ-પ્રેમમાં એ હોઈ શકે છે, જો તે ખરેખર 'વિશ્વ'-પ્રેમ હોય તો.

શ્રી વિનોબા ભાવે

# પ્રતિનિધિભાઈઓને

* નવા વર્ષથી 'આશીર્વાદ'નું વાર્ષિક લવાજમ રૂ. ૫—૦૦ રહેશે.
* નવા વર્ષના ગ્રાહકો નોંધવા માટે જૂની પાવતીબુકનો ઉપયોગ કરવો નહિ. નવી પાવતી બુકો મોકલી આપવામાં આવી છે. જેમને પાવતીબુકો ન મળી હોય તેમણે કાર્યાલયમાંથી મંગાવી લેવી.
* વધેલી જૂની પાવતીબુકો કાર્યાલયમાં પરત કરવા વિનંતી છે.
* કાર્યાલય સાથે પત્રવ્યવહારનું પોસ્ટેજ તથા મ.ઓ.નું ખર્ચ મજરે આપવામાં આવે છે.
* લવાજમનાં નાણાં કાર્યાલયમાં જમા થયેથી ગ્રાહકોને અંકો રવાના કરવામાં આવશે.

માનદ્ વ્યવસ્થાપક

## અભિનંદન

'આશીર્વાદ'ના વાચકો, ગ્રાહકો, પ્રતિનિધિ ભાઈ ઓ તેમ જ શુભેચ્છકો—સૌને, આગામી નૂતન વર્ષે કલ્યાણકામનાપૂર્વક હાર્દિક અભિનંદન

# લવાજમ ભરવા માટે નીચેના સેવાભાવી પ્રતિનિધિઓનો સંપર્ક સાધો :

## સ્થાનિક પ્રતિનિધિઓ

શ્રી લક્ષ્મીનારાયણ સત્સંગ મંડળ
C/o મોહનલાલ પ્રાણલાલ મહેતા
મહાલક્ષ્મી ઘી ભંડાર
વાડીગામ, દરિયાપુર

શ્રી પુષ્પરાય અંબાલાલ ભટ્ટ (પૂજારી)
અંબાજી માતાનું મંદિર
જૂના માધુપુરા

શ્રી અંબાલાલ કે. શાહ
રેવડી બજાર.

શ્રી અમૃતલાલ ભાયચંદ
સારંગપુર, બગીચા મીલ સામે

શ્રી કાનજીભાઈ પારેખ
ગોળલીમડા, પારેખ સદન

શ્રી ચીમનલાલ પાનાચંદની કું
ઘી બજાર, કાલુપુર

શ્રી ચીમનલાલ હાસજીભાઈ પટેલ
વચલો વાસ, મીઠાખળી

શ્રી ચીમનલાલ ધનેશ્વર મહેતા
સદુમાતાની પોળ, શાહપુર

શ્રી ડાહ્યાભાઈ છગનલાલ વ્યાસ
સોડફળી, નરોડા

શ્રી દશરથલાલ મહારાજ
સાબરમતી

શ્રી દેવીપ્રસાદ છોટાલાલ જાની
ટીંબાપોળ, કાલુપુર

શ્રી નંદુભાઈ ભાઈશંકર ઠાકર
જમાલપુર, ટોકરશાની પોળ

શ્રી નવલસિંહ ગોબરસિંહ દરબાર
સૈજપુર બોઘા

શ્રી પુરુષોત્તમદાસ સી. મોદી
મોદી બ્રધર્સ, દિલ્હી ચકલા

શ્રી પુરુષોત્તમદાસ પી. વ્યાસ
સ્ટેડિયમ સામે, નવરંગપુરા

શ્રી બંસીલાલ માધવલાલ રાવલ
ભાઉની પોળ, રાયપુર

શ્રી બાલગોવિંદ છગનલાલ પટેલ
ગરનાળાની પોળ, શાહપુર

શ્રી ભાસ્કરરાય ચંદુલાલ ત્રિવેદી
કૈલાસ ભુવન, એલીસબ્રીજ

શ્રી મનુભાઈ અમૃતલાલ વ્યાસ
૬૮, શારદા સોસાયટી

શ્રી રજનીકાન્ત ચીમનલાલ ભગત
ભગત બ્રધર્સ, કપાસીયા બજાર

શ્રી શાન્તિલાલભાઈ
C/o ઓમ્બે મોર સ્ટોર્સ

શ્રી શાન્તિલાલ મણિલાલ દેસાઈ
૨, શારદા સોસાયટી
એલીસબ્રીજ

શ્રી સોમાભાઈ ડી. શાહ, મહિસાવાલા
સરપુર દરવાજા બહાર

શ્રી સારાભાઈ હીરાલાલ શાહ
દેવજી સરૈયાની પોળ, સાંકડી શેરી

શ્રી શાન્તિલાલ દીનાનાથ મહેતા
ધર્મનગર, સાબરમતી

શ્રી શિવાનંદ એમ્પોરિયમ
રાયપુર ચકલા

શ્રી શંકરપ્રસાદ શાસ્ત્રી
કાચવાડો, રાયપુર

શ્રી લક્ષ્મી પ્રોવીઝન સ્ટોર્સ
ગિરધરનગર

શ્રી હરિવદન એસ. ભટ્ટ
સઈશેરી, ખોખરા મહેમદાવાદ

## બહારગામના પ્રતિનિધિઓ

**ઉમરગાંવ**
શ્રી લલ્લુભાઈ ગાંધી

**ઉંઢેલ (વડોદરા)**
શ્રી હરિશ્ચંદ્ર બકોરભાઈ પંડ્યા

**આમોદ**
શ્રી વલ્લભદાસ છોટાલાલ ચોકસી
જોષી ફળીયા

**આતરસુંબા**
શ્રી હિંમતલાલ જમનાદાસ દાણી

**અંકલેશ્વર**
શ્રી મગનલાલ પ્રાણજીવનદાસ
ગોયા બજાર

**ઓડ**
શ્રી રાજેન્દ્રકુમાર ચીમનલાલ વ્યાસ
વ્યાસવાડા

**આણંદ**
શ્રી નરસીંહભાઈ મોતીભાઈ પટેલ
કરમસદ ટેક્સ ટ્રેડીંગ કોર્પોરેશન
શ્રી પ્રાણસુખભાઈ ધનજીભાઈ પટેલ

**કાલોલ**
શ્રી માણેકલાલ ગાંધી

**કોડાય (કચ્છ)**
શ્રી નાનાભાઈ પટેલ, સરપંચ

**કલકત્તા**
શ્રી શશિકાન્ત આઈ. ચાહવાલા
આઈ. સી. સી. ટી કું.
૫૯. કોટન સ્ટ્રીટ
શ્રી આશારામ જે. સાદાણી
મનોહરદાસ કટરા
હેરીસન રોડ.

**કરચેલીયા**
શ્રી રમણીકલાલ ઉપાધ્યાય

**ખંભાત**
શ્રી ઠાકોરભાઈ પંડ્યા
અલીમ ચકલા.

**બોરજ (અમદાવાદ)**
શ્રી હરીલાલ છગનલાલ પટેલ

**ગણદેવી**
શ્રી ડૉ. શરદભાઈ કીકાભાઈ
શ્રી રામચંદ્રભાઈ વિનાયકરાય ભટ્ટ
શ્રી મનસુખલાલ મગનલાલ વૈદ
પંડ્યા મહોલ્લો
શ્રી મનુભાઈ પંડ્યા

**ગોંડલ**
શ્રી કાન્તિલાલ છગનલાલ શેઠ
નાની બજાર

**ચકલાસી**
શ્રી પુરુષોત્તમભાઈ ઉમેદભાઈ બ્રહ્મભટ્ટ
પોસ્ટ ઓફીસ સામે

**જબલપુર**
અમર ટીમ્બર માર્ટ
નાગપુર રોડ

**ડાકોર**
શ્રી મુળજીભાઈ ગોટાવાલા

**નડિયાદ**
શ્રી કાન્તિલાલ છોટાલાલ વાળંદ

**સાંથ પીપલી**
શ્રી રામભાઈ પટેલ
C/o સદ્‌વિચાર સમિતિ, સિંદુશીપોળ

**નવસારી**
શ્રી કાન્તિલાલ મુગટરામ ભટ્ટ
દાદાદઠુનો મહોલ્લો

**નાર**
શ્રી રાવજીભાઈ ઈશ્વરભાઈ પટેલ
મહાદેવ ફળીયા

**પેટલાદ**
શ્રી મુળજીભાઈ કેશવલાલ
બળીયાકાકાની શેરી

**પાદરા**
શ્રી મધુસૂદન ભાઈલાલભાઈ
બજારમાં

**બીલીમોરા**
શ્રી શાન્તિલાલભાઈ
C/o નરોત્તમદાસ વિઠ્ઠલદાસની કું
શ્રી રમણલાલ છોટાલાલ ચોકસી
શ્રી સુભાષભાઈ મણીલાલ શાહ
C/o શાહ બ્રધર્સ
શ્રી ભગવાનદાસ ગુલાબભાઈ પંચાલ
શ્રી બળવંતરાય પ્રભુદાસ દેસાઈ
મહાત્મા ગાંધી રોડ

**ભરૂચ**
શ્રી નટવરલાલ કે. ભટ્ટ
કરશનકાકાની શેરી

**ભાદરવા**
શ્રી મહીજીભાઈ રઈજીભાઈ ટેલર
મીયા સરભાણ (ભરૂચ)
શ્રી ચુનીલાલ જેઠાભાઈ પટેલ
ચીણ કચ્છ (નવસારી)
શ્રી માધવભાઈ વલ્લભભાઈ પટેલ

**મીયાંગામ કરજણ**
શ્રી કિશોરભાઇ એસ. મહેતા
જૂના બજાર

**મરોલી**
શ્રી શાન્તિલાલ આર. પટેલ
કુંભાર ફળીયું

**માંડવી (સુરત)**
શ્રી કનુભાઈ
C/o ગાંધી બુક સ્ટોર્સ

**દાહોદ**
શ્રી પ્રવીણચંદ્ર એલ. રાવલ
સ્ટેટ બેંક સામે

**વડોદરા**
શ્રી પુરુષોત્તમદાસ ખુશાલદાસ ભગત
નરસિંહજીની પોળ
શ્રી રમણલાલ નંદશંકર પંડિત
વાડી, ભાટવાડા
શ્રી રણછોડભાઈ ઝવેરભાઈ ધીયા
વડીપોળ

**વસો**
શ્રી મુકુન્દલાલ વિશ્નુરામ ત્રિવેદી

**વિસનગર**
શ્રી ત્રિકમલાલ માણેકલાલ ભગત
બજારમાં

**વલસાડ**
શ્રી નાગરદાસભાઈ
C/o નરોત્તમદાસ વિઠ્ઠલદાસની કું
શ્રી દામજીભાઈ કોન્ટ્રાકટર
તીથલ રોડ

**લાંઘણુજ**
શ્રી કૃષ્ણલાલ મહારાજ કીર્તનકાર
શ્રી બાઘાભાઈ પટેલ (સરપંચ)
આચાર્ય શ્રી ગાંડાભાઈ

**સાધી**
શ્રી મોતીભાઈ છોટાભાઈ પટેલ
(સરપંચ)
શ્રી મૂળશંકર દલસુખરામ પાઠક

**સાવલી**
શ્રી મૂળજીભાઈ ભાઈલાલ શાહ
સુભાષ મેડીકલ સ્ટોર્સ

**સોજીત્રા (પાદરા)**
શ્રી મણિલાલ છોટાલાલ ઠાકર

**સુરત**
શ્રી કાન્તિલાલ જેઠાભાઈ ગજ્જર
સલાબતપુરા
શ્રી મનહરલાલ સી. ગજ્જર
સુથાર શેરી
શ્રી રણછોડલાલ વનમાળીદાસ
બરફીવાલા
બરાનપુરી ભાગોળ
શ્રી શાન્તિલાલ પટેલ
ધીઆ શેરી

શ્રી પોચાભાઈ રાશીવાલા
ખેતરપાળની પોળ
શેઠ શ્રી નિરંજનભાઈ
C/o નિરંજન મિલ્સ
શ્રી રશ્મિકાન્ત દલાલ
રાણીતલાવ

**હિંમતનગર**
શ્રી બચુભાઈ મણીલાલ શાહ
આર. મનહરલાલની કું.

**હાલોલ**
શ્રી હિંમતલાલ કાપડિયા
બજારમાં

**મુંબઈ**
શ્રી જવાહર મેડીકલ સ્ટોર્સ
મસ્જીદ બંદર રોડ
શ્રી હર્ષદરાય પુ. પાઠા
દફતરી રોડ, મલાડ
મેસર્સ બિપિનચન્દ્ર એન્ડ કું.
સેમ્યુઅલ સ્ટ્રીટ
શ્રી મનહરલાલ નટુભાઈ શેઠ
દાદાભાઈ નવરોજી રોડ, પાર્લા
શ્રી એચ. જગમોહનદાસની કું
લુહાર ચાલ
શ્રી ભાનુભાઈ શાહ
કિરણ, પ્રિન્સેસ સ્ટ્રીટ
શ્રી મગનલાલ પી. જોષી, દવાવાળા
પ્રીન્સેસ સ્ટ્રીટ
શ્રી રમાકાન્ત પી. જાની
વીરમહાલ, લાલબાગ
શ્રી હીરાલાલ નૂહાલાલ શાહ
૭૭, મારવાડી બજાર
શ્રી દીનબંધુ સ્ટોર
ભુલેશ્વર
ડૉ. ત્રિભોવનદાસ નાળિયેરવાલા
૨૧/૨૩ કુંભારટુકડા, ભૂલેશ્વર
શ્રી વસનજી ભવાનજી શાહ
૨૧૬, કાલબાદેવી
ગીતા ડ્રેસીંગ
શ્રી રામમંદિર પાસે, કાલબાદેવી

આશીર્વાદ પ્રકાશન વતી પ્રકાશક : શ્રી દેવેન્દ્રવિજય વિજયશંકર દવે, રાયપુર, ભાઉની પોળની બારી પાસે, અમદાવાદ
મુદ્રક : શ્રી જગદીશચંદ્ર અંબાલાલ પટેલ, એન. એમ. પ્રિન્ટિંગ પ્રેસ, દરિયાપુર, ડબગરવાડ, અમદાવાદ.